અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ માર્ચ ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ સુદ છઠ
વર્ષ : ૧૫
અંક : ૨૨૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**અમિત શાહે વિપક્ષને નિશાને લઇને આપ્યો સ્પષ્ટ જવાબ**

**CAA દ્વારા ભાજપ નવી વોટ બેંક બનાવી રહી છે તેવા વિપક્ષના આક્ષેપ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, વિપક્ષ પાસે બીજુ કોઈ કામ નથી**

## CAA કાયદો ક્યારેય પાછો નહીં લેવાય : ગૃહમંત્રી અમિત શાહ

। નવી દિલ્હી, તા.૧૪ ।

CAA એટલે કે નાગરિકતા સંશોધન કાયદો દેશમાં લાગુ થઈ ગયો છે. આ અંગે ચાલી રહેલા રાજકારણ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ જવાબ આપ્યો છે કે, CAA એટલે કે નાગરિકતા સંશોધન કાયદો ક્યારેય પાછો ખેંચવામાં આવશે નહીં. અમિત શાહે ઈન્ટરવ્યુમાં કહ્યું, ‘CAA કાયદો ક્યારેય પાછો ખેંચવામાં આવશે નહીં. આપણા દેશમાં ભારતીય નાગરિકતા સુનિશ્ચિત કરવી એ અમારો સાર્વભૌમ અધિકાર છે, અમે તેની સાથે ક્યારેય બાંધછોડ કરીશું નહીં.’ અગાઉ મંગળવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખાતરી આપી હતી કે, નાગરિકતા



(સુધારા) કાયદામાં કોઈની નાગરિકતા છીનવી લેવાની કોઈ જોગવાઈ નથી. CAA દ્વારા ભાજપ નવી વોટ બેંક બનાવી રહી છે તેવા વિપક્ષના આક્ષેપ પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ‘વિપક્ષ પાસે બીજુ કોઈ કામ નથી. તેમનો ઈતિહાસ એ છે કે, તેઓ જે કહે છે તે કરતા નથી. વડાપ્રધાન મોદીનો ઈતિહાસ છે કે, જે ભાજપે કહ્યુ છે અને નરેન્દ્ર મોદીએ જે કહ્યુ છે તે પથ્થરની લકીર છે. પીએમ મોદી દરેક ગેરંટી પૂરી કરે છે. તેમણે તો એમ પણ કહ્યું હતું કે, સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકમાં રાજકીય ફાયદો છે, તો શું આપણે આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી ન કરવી જોઈએ? તેમણે એમ પણ કહ્યું કે, કલમ ૩૭૦ હટાવવાની બાબત પણ અમારા રાજકીય ફાયદા માટે હતી. અમે ૧૯૫૦થી કહી રહ્યા છીએ કે, અમે કલમ ૩૭૦ હટાવીશું. ઝછછ નોટિફિકેશન પર પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીની ટિપ્પણી પર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ‘એ દિવસ દૂર નથી જ્યારે ભાજપની ત્યાં (પશ્ચિમ બંગાળ) સત્તામાં આવશે અને ઘૂસણખોરી બંધ કરાશે. જો તમે આ પ્રકારની રાજનીતિ કરશો અને તુષ્ટિકરણની રાજનીતિ કરીને રાષ્ટ્રીય સુરક્ષાના આવા મહત્વપૂર્ણ મુદ્દા પર ઘૂસણખોરી કરશો અને શરણાર્થીઓને નાગરિકતા આપવાનો વિરોધ કરશો તો જનતા તમારી સાથે રહેશે નહીં. મમતા બેનર્જી આશ્રય લેનાર વ્યક્તિ અને ઘૂસણખોર વચ્ચેનો તફાવત નથી જાણતા.’

### ન્યૂઝ બ્રિફ

### દિલ્હીની ઈમારતમાં ભીષણ આગ, ગુંગળાઈ જતાં ૪નાં મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દિલ્હીના શાહદરાના શાસ્ત્રી નગર વિસ્તારમાં ગુરુવારે સવારે એક રહેણાંક ઈમારતમાં ભીષણ આગ લાગતાં ગુંગળામણને લીધે બે બાળકો અને એક દંપતી સહિત કુલ ૪ લોકોના મોત નીપજ્યાં છે. એક અધિકારીએ જણાવ્યું કે પીડિતોની ઓળખ મનોજ(૩૦), તેમની પત્ની સુમન (૨૮) અને પાંચ તથા ત્રણ વર્ષની બે છોકરીઓ તરીકે થઈ હતી. પોલીસે કહ્યું કે અમને સવારે ૦૫:૨૦ વાગ્યે શાહદરાના શાસ્ત્રી નગર વિસ્તારમાં ભીષણ આગ લાગવાની માહિતી મળી હતી.

### ઈડીએ સંદેશખાલીમાં ચાર સ્થળો પર દરોડા પાડ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના સંદેશખાલીમાં ઈઢ ટીમ પર હુમલાના માસ્ટરમાઈન્ડ શાહજહાં શેખ પર સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ગુરુવારે (૧૪ માર્ચ) શાહજહાં શેખ દ્વારા સંદેશખાલી અને તેની આસપાસની જમીન હડપ કરવાના સંદર્ભમાં દરોડા પાડ્યા હતા. ઈઢએ આ મામલે PMLA હેઠળ કેસ નોંધ્યો છે. કુલ ચાર સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. સંદેશખાલીમાં હિંસા પહેલા જાન્યુઆરીમાં EDની ટીમ રાશન કૌભાંડ કેસમાં દરોડા પાડવા શાહજહાં શેખના પરિસરમાં પહોંચી હતી.


**બિભત્સ સામગ્રી પર સરકારની કડક કાર્યવાહી**

## અશ્લિલ સામગ્રી દર્શાવતી ૧૮ ઓટીટી અને ૧૯ વેબસાઈટ્સ ઉપર પ્રતિબંધ

**અનેક વખત ચેતવણી આપવામાં આવી હતી છતાં સ્થિતિમાં કોઈ સુધારો ન થવાના કારણે આ ઓટીટી પ્લેટફોર્મ અને વેબસાઈટ્સને બ્લોક કરવામાં આવી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતમાં એક સમયે બિભત્સ સામગ્રી પર આકરા નિયંત્રણો હતા પરંતુ ઓટીટી અને ઈન્ટરનેટના જમાનામાં બિભત્સ કન્ટેન્ટની આખી દુનિયા ખુલી ગઈ છે. તેના કારણે સમાજ પર પડતી વિપરીત અસરને ધ્યાનમાં રાખીને સરકારે આજે ૧૮ ઓટીટી પ્લેટફોર્મ અને ૧૯ વેબસાઈટ્સને બ્લોક કરી છે. ઓટીટી પ્લેટફોર્મ પર અશ્લિલ વીડિયો પ્રસારિત કરવામાં આવતા હોવાની ઘણા સમયથી ફરિયાદ થઈ હતી. આ વિશે અનેક વખત ચેતવણી આપવામાં આવી હતી છતાં સ્થિતિમાં કોઈ સુધારો ન થવાના કારણે આ ઓટીટી



પ્લેટફોર્મ અને વેબસાઈટ્સને બ્લોક કરવામાં આવી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું કે બિભત્સ સામગ્રી પીરસવા સામે વારંવાર ચેતવણી આપવા છતાં પગલાં લેવાયા ન હતા. તેના કારણે ૧૮ ઓટીટી પ્લેટફોર્મને બ્લોક કરવામાં આવ્યા છે. કુલ ૧૯ વેબસાઈટ, ૧૦ એપ અને ૫૭ સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ બંધ કરવામાં આવ્યા છે. તેમાં ૭ એપ ગૂગલ પ્લે સ્ટોરના હતા જ્યારે ત્રણ એપ એપલની હતી. ઓટીટી પ્લેટફોર્મ્સે પોતાની પોર્નોગ્રાફિક સામગ્રીને ક્રિયેટિવ એક્સપ્રેશન કહીને તેનો બચાવ કર્યો હતો. આઈટી એક્ટ ૨૦૦૦ મુજબ વલ્ગર સામગ્રીનું પ્રસારણ અટકાવા માટે આ નિર્ણય લેવાયો છે. બ્લોક કરવામાં આવેલા ઓટીટી પ્લેટફોર્મમાં ડ્રીમ્સ ફિલ્મસ, વૂવી, યેસ્મા, અનકટ અડ્ડા, ટ્રી ફિલક્સ, એક્સ પ્રાઈમ, નિઓન એક્સ વીઆઈપી, બેશરમ, હન્ટર્સ, રેબિટ, એક્ટ્રામૂડ, ન્યૂફિલક્સ, મૂડ એક્સ, મોજફિલક્સ, હોટ શૉટ, વીઆઈપી, ફુગી, ચીકુફિલક્સ, અને પ્રાઈમ પ્લેનો સમાવેશ થાય છે. સરકારે જણાવ્યું કે આ પ્લેટફોર્મ પર મોટા ભાગના કન્ટેન્ટમાં સ્ત્રીઓને બહુ હલકી રીતે ચીતરવામાં આવતી હતી. તેમાં નગ્નતા અને અયોગ્ય પ્રકારના સંબંધો દેખાડવામાં આવ્યા છે. શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધોને બિભત્સ રીતે દેખાડવામાં આવ્યા છે. કેટલાક સીનમાં સામાજિક રીતે બિલકુલ યોગ્ય ન હોય તેવી રીતે સેક્સ્યુઅલ દૃશ્યો દેખાડવામાં આવે છે. સરકારે કહ્યું કે એક ઓટીટી એપને તો એક કરોડથી વધુ વખત ડાઉનલોડ કરવામાં આવ્યું છે.

**એક મેગા ઓપિનિયન પોલમાં ચોંકાવનારી માહિતી**

## વડાપ્રધાન પદ માટે પહેલી પસંદ મોદી, બીજા ક્રમે રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

આગામી લોકસભાની ચૂંટણી પહેલા નરેન્દ્ર મોદી ફરી એકવાર વડાપ્રધાન પદ માટે સૌથી વધુ પસંદગી ધરાવતા ચહેરો બની ગયા છે. એક સર્વેમાં આ વાત સામે આવી હતી. જોકે આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે મોદી પછી પીએમ પદ માટે સૌથી વધુ પસંદ કોણ છે? ખરેખર ભાજપ છેલ્લી બે ચૂંટણી નરેન્દ્ર મોદીના ચહેરા પર લડી રહ્યો છે અને ત્રીજી ચૂંટણી પણ તેમના ચહેરા પર જ લડશે. પરંતુ વિપક્ષે પીએમ પદ માટે પોતાનો ચહેરો જાહેર કર્યો નથી. એક મેગા ઓપિનિયન પોલમાં જણાવવામાં આવ્યું છે કે સર્વેમાં સામેલ ૫૯ ટકા લોકો માને છે કે વડાપ્રધાન પદ માટે સૌથી સક્ષમ ચહેરો હાલમાં નરેન્દ્ર મોદી છે. જો કે બીજા નંબરે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી છે. સર્વે અનુસાર ૨૧ ટકા લોકોએ રાહુલ ગાંધીને પીએમ પદ માટે સૌથી યોગ્ય ચહેરો ગણાવ્યો હતો. આ મામલામાં રાહુલ ગાંધીની લોકપ્રિયતા પીએમ મોદી કરતા ૩૮ ટકા ઓછી છે. સર્વેમાં સામેલ ૯ ટકા લોકોનું માનવું છે કે તૃણમૂલ કોંગ્રેસ અધ્યક્ષ મમતા બેનર્જી અને આમ



આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ પીએમ પદ માટે સક્ષમ લોકો છે. આ મેગા ઓપિનિયન પોલ ૨૧ મોટા રાજ્યોમાં ૫૧૮ લોકસભા મતવિસ્તારોને આવરી લઈને હાથ ધરાયો હતો. ૧૨ ફેબ્રુઆરીથી ૧ માર્ચ દરમિયાન હાથ ધરાયેલા કરવામાં આવેલા સર્વેમાં ૯૫ ટકા લોકસભા મતવિસ્તારોમાં આવરી લેવાયા હતા. ઓપિનિયન પોલ અનુસાર રાજકીય રીતે મહત્વપૂર્ણ ઉત્તર પ્રદેશ ૮૦ લોકસભા બેઠકો સાથે ભાજપની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધન માટે સફળતાની ચાવી સાબિત થઈ શકે છે. યુપીમાં એનડીએને ૭૭ સીટો મળવાની આશા છે. વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન માત્ર ૨ બેઠકો સુધી મર્યાદિત રહી શકે છે, જ્યારે માયાવતીની બહુજન સમાજ પાર્ટી એક બેઠક જીતી શકે છે.

**લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના સપ્તાહ બાકી**

## કોંગ્રેસની પાસે ચૂંટણી ભંડોળની અછત હોવાની ખડગેની કબૂલાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

હવે લોકસભાની ચૂંટણીમાં થોડા જ અઠવાડિયા બાકી છે અને તે પહેલા જ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસની ખરાબ હાલત અંગે સંકેત આપી દીધા છે. ખડગેએ સંકેત આપ્યો હતો કે કોંગ્રેસ પાર્ટી સામે ભંડોળની ભયંકર અછત વર્તાઈ રહી છે. ખડગેએ આરોપ લગાવ્યો છે કે જે બેંક ખાતાઓમાં લોકો દ્વારા દાનમાં મળેલા પૈસા રાખવામાં આવ્યા હતા તે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે ફ્રીઝ કરી દીધા છે. ખડગેએ કહ્યું કે પાર્ટીને આવકવેરા વિભાગે દંડ ફટકાર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર નિશાન સાધતા ખડગેએ લોકોને દેશમાં બંધારણ અને લોકશાહીને બચાવવા તથા તેમની પાર્ટીની જીત સુનિશ્ચિત કરવા માટે આગામી લોકસભા ચૂંટણીમાં મજબૂત રીતે ઊભા રહેવાનું પણ આહ્વાન કર્યું હતું. ખડગેએ કહ્યું કે ચૂંટણીમાં દરેકને સમાન તક મળવી જોઈએ.

**કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીનો મોટો દાવો**

## નવા ચૂંટણી કમિશનરો માટે જ્ઞાનેશ કુમાર-સુખબીર સંધુના નામ નક્કી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ મોટો દાવો કર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કાયદા પ્રધાન અર્જુન મેઘવાલ સાથેની બેઠકમાંથી બહાર આવતાં અધીર રંજન ચૌધરીએ જણાવ્યું હતં કે નવા ચૂંટણી કમિશનરો માટે જ્ઞાનેશ કુમાર અને સુખબીર સંધુના નામ નક્કી કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે લોકસભામાં વિપક્ષના નેતાનો આ દાવો એવા સમયે આવ્યો છે જ્યારે બે ચૂંટણી કમિશનરની નિમણૂકને લઈને દેશભરમાં રાજકીય ખેંચતાણ જોવા મળી રહી છે. દેશના બે નવા ચૂંટણી કમિશનરની નિમણૂકને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અધીર રંજન ચૌધરીએ એવો દાવો કર્યો છે કે પૂર્વ બ્યુરોક્રેટ્સ સુખબીર સંધુ અને જ્ઞાનેશ કુમારને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સરકાર પહેલા કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ આજે મીડિયાને આ માહિતી આપી. ઉલ્લેખનીય છે કે અધીર રંજન ચૌધરી પણ ચૂંટણી કમિશનરની પસંદગી સાથે જોડાયેલી સમિતિનો ભાગ છે. બેઠક બાદ સમિતિના સભ્ય અધીર રંજન ચૌધરીએ જણાવ્યું હતું કે સમિતિ સમક્ષ છ નામો મૂકવામાં આવ્યા હતા, જેમાંથી આ બે નામોને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત ચૌધરીએ કહ્યું હતું કે, “પસંદગી સમિતિએ છ નામો રજૂ કર્યા હતા, જેમાંથી ઉત્પલ કુમાર સિંહ, પ્રદીપ કુમાર ત્રિપાઠી, જ્ઞાનેશ કુમાર, ઈન્દીવર પાંડે, સુખબીર સિંહ સંધુ અને ગંગાધર રાહતના નામ સામેલ હતા.



## પિતાએ એક વર્ષના પુત્રને જમીન પર પછાડી કરી હત્યા

**। (એજન્સી) મોરબી, તા.૧૪ ।**

મોરબીના ટીકર ગામમાં પુત્રની હત્યા કરનાર પિતાની ધરપકડ કરવામાં આવી હતી. મળતી જાણકારી અનુસાર, મોરબીના હળવદના ટીકર ગામમાં બે દિવસ પહેલાં અસગર માણેક નામના વ્યક્તિએ પોતાના એક વર્ષીય પુત્ર અરમાનની હત્યા કરી નાંખી હતી. પુત્રની હત્યા કર્યા બાદ આરોપી અસગર ફરાર થઈ ગયો હતો. જોકે પોલીસે તેને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ અસગરની પત્ની અમીનાએ રવિવારે ૧૦ માર્ચે એક લગ્નમાં જવાનું કહ્યું હતું પરંતુ અસગરે તેને અમીનાને લગ્નમાં ન જવાનું કહીને તેની સાથે ઝઘડો કર્યો હતો અને મારપીટ કરી હતી. જેના કારણે અમીનાએ દીકરી અરમાનને લઈને પોતાના પિયરે જવાની વાત કરી હતી. તેણીએ અસગરને ફરીથી કહ્યું કે તે સોમવારે તેના માતાપિતાના ઘરે જઈ રહી છે, ત્યારે અસગરે અમીનાને તેના માતા પિતાના ઘરે નહી જવાનું કહી તેની સાથે મારપીટ કરી હતી. જો કે, પિયરમાં જવાની ના પાડતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. જેનાથી ઉશ્કેરાઈને અસગર માસૂમ અરમાનને ઘરની પાછળ આવેલા ખેતરમાં લઈ ગયો હતો અને તેને જમીન પર પછાડતા માસૂમનું મોત થયું હતું. પુત્રની હત્યા કર્યા બાદ આરોપી પિતા ફરાર થઈ ગયો હતો. પોલીસે હવે તેને દબોચી લીધો છે. મૂળ ધ્રાંગધ્રાના કુડા ગામના વતની અને હાલ ટીકર રણમાં મીઠાની મજૂરી કરતા અમીનાબેન અસગરભાઈ માણેકે તેના પતિ અસગર અનવર માણેક વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં અમીનાએ જણાવ્યું છે કે તેના પતિ અસગર માણેકે તેમના જ દીકરા અરમાનની હત્યા કરી હતી. અરમાનને ઘરની પાછળ આવેલ ખેતરમાં લઇ જઈને જમીન પર પછાડી માથાના ભાગે ઈજા પહોંચાડતા તેનું મોત થયું હતું. હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સુરતમાં સસ્પેન્ડેડ પોલીસકર્મીએ મુક્કો મારતા ભાજપના લઘુમતી મોરચાના મહામંત્રી સલીમ બગાડીયાનું મોત થયું છે. સસ્પેન્ડેડ ASI રોનક હિરાણી પર માર મારવાનો આરોપ લાગ્યો છે.



AMC દ્વાર નારાયણપુરા પંચશીલ ચાર રસ્તા પાસે કામ ચાલી રહેલ છે.

### ત્રણ લોકો ઇજાગ્રસ્ત થયા

## વડોદરાના એકતાનગરમાં આરતી અને અઝાન એક સમયે થતાં બે જૂથ વચ્ચે અથડામણ

**ઘટનાની જાણ થતા જ મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો**

**। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।**

વડોદરાના આજવાના એકતાનગરમાં ૨ જૂથ વચ્ચે અથડામણની ઘટના બની હતી. મળતી જાણકારી અનુસાર શહેરના એકતાનગરમાં હનુમાનજીના મંદિરમાં આરતી અને અઝાન એક સમયે વાગતા ટોળાએ પથ્થરમારો કર્યો હતો. આ અથડામણમાં ૩ ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે સાત સામે નામજોગ ફરિયાદ નોંધવામાં આવી હતી. મંદિરમાં આરતી અને અઝાન એક સમયે થતા મામલો બીચક્યો હતો. ઈજાગ્રસ્તોને સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. વડોદરાના એકતાનગરમાં મંદિરમા લાઉડસ્પીકર મામલે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. એકતાનગરમાં સાંજના સમયે હનુમાનજીના મંદિરમાં લાઉડસ્પીકર બાબતે બે જૂથ સામ સામે આવી ગયા હતા. બંને ટોળા એકબીજાની સાથે રકઝક કરીને લાઉડસ્પીકર ધીમા કરવા બાબતે વાતચીત કરી રહ્યા હતા. બાદમાં થોડીવાર આ મામલો ઉગ્ર બન્યો હતો અને બંને જૂથ વચ્ચે સામ-સામે પથ્થરમારો કરવા લાગ્યા હતા જેમાં ૩ લોકોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ મોટી સંખ્યામાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો.

### ગૃહિણીઓમાં ચિંતાનું મોજુ

## ઘઉંના ભાવમાં તેજી આવવાથી ખેડૂતો ખુશી જોવા મળી રહી છે

**ઘઉંની સીઝન શરૂ થઇ છે, સૌરાષ્ટ્રનાં જુદા જુદા યાર્ડમાં નવા ઘઉં આવી રહ્યાં છે, તેમજ ઉનાળામાં લોકો વર્ષભરનાં ઘઉં એક સાથે ખરીદતા હોય છે**

**। (એજન્સી) જામનગર, તા.૧૪ ।**

હાલાર અને સૌરાષ્ટ્ર સહિતના પ્રદેશની સૂકા પ્રદેશ તરીકે ગણના થાય છે. કારણ કે, જામનગર ઉપરાંત દેવભૂમિ દ્વારકા સહિતના હાલાર પ્રદેશમાં ખાસ કોઈ મોટી સિંચાઈ યોજના ન હોવાથી મોટાભાગના ખેડૂતો વરસાદ પર નિર્ભર રહે છે. તેમાં પણ ગત વર્ષે પૂરતા પ્રમાણમાં વરસાદ ન થતા આ વર્ષે શિયાળુ અને ઉનાળો પાકમાં જબરો ફટકો પડ્યો છે. અને વાવેતર ઘટ્યું છે. ત્યારે હાલની સ્થિતિએ વાત કરીએ તો ખાસ ઘઉંનું વાવેતર ઘટ્યું હતું. કારણ કે, ઘઉંને સૌથી વધુ પિયતની જરૂર પડતી



હોય છે. પરંતુ હાલાર પંથકમાં જોઈએ તેટલા પાણીની સુવિધા ઉપલબ્ધ હોવાથી ઘઉંનું વાવેતર ઘટ્યું છે. આથી હાલ ઘઉંનું ઉત્પાદન થયું છે. તેના સારા એવા ભાવ મળી રહ્યા છે. છેલ્લા પાંચ થી સાત દિવસની સરખામણીએ જામનગર યાર્ડ આવેલા ઘઉંના જથ્થા અને ભાવની વાત કરીએ તો ગત તા. ૬ ના રોજ જામનગર યાર્ડમાં ઘઉંના ભાવ ૪૫૦ રૂપિયા ૫૭૮ રૂપિયા જેવા રહ્યા હતા. જામનગર યાર્ડમાં ઘઉંની ૪૦૩૩ મણ આવક નોંધાઈ હતી. બીજી બાજુ તારીખ ૭ ના રોજ જામનગર યાર્ડમાં ૪૫૦ રૂપિયાથી ૫૫૭ રૂપિયાના ભાવે ઘઉંના સોદા પડ્યા હતા અને ૪૧૦૫ મણ જેટલી જામનગર યાર્ડમાં ઘઉંની આવક નોંધાઈ હતી. આ ઉપરાંત ૯ તારીખના રોજ ઘઉની આવક અને ભાવમાં વધારો નોંધાયો હતો. જામનગરમાં ૪૦૦ રૂપિયાથી ૫૮૮ રૂપિયાના ભાવે ઘઉં વેચાયા હતા અને ૮૯૮૩ મણ જેટલા ઘઉંની આવક નોંધાઈ હતી.

### એટીએમ તોડતી ગેંગને પકડવામાં ભરૂચ પોલીસને સફળતા મળી

**। (એજન્સી) ભરૂચ, તા.૧૪ ।**

ભરૂચ પોલીસને એટીએમ તોડીને ચોરી કરતાં ગેંગને ઝડપવામાં સફળતા મળી છે. પોલીસે ગેંગનાપ પાંચ સાગરિતોની ધરપકડ કરી છે. આ ગેંગે વાગરા અને દહેજમાં એટીએમ તોડીને ચોરી કરી બૂમરામ મચાવી હતી. આ ગેંગ હરિયાણાની મેવાતી ગેંગ હોવાનું ખૂલ્યું છે. પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. તાજેતરમાં ભરૂચ જિલ્લાના વાગરા ખાતે એચડેફસી બેક્રના એટીએમ મશીનને ગેસ કટરની મદદથી તોડી પાડીને સ્કોર્પિયો ગાડીમાં લઈ ગયા હતા. આરોપીઓ પછી તેને પીસાદ ગામની સીમમાં લઈ ગયા હતા અને ગેસ કટર વડે એટીએમ કાપી તેમાથી ૩.૫૨ લાખની રોકડની ઉઠાંતરી કરી હતી.

### લોકસભાની ચૂંટણીને લઇને ભાજપે બીજી યાદી જાહેર કરી

## હીરા સોલંકીને ટિકિટ નહી મળતા સમર્થકોએ ખુશ થઈને ફટાકડા ફોડ્યા

**મંત્રી પરષોત્તમ સોલંકીના નાના ભાઈ ધારાસભ્ય હીરા સોલંકી કોળી સમાજના પ્રભુત્વ વાળી બેઠક ઉપર ચિત્ર ક્લિયર થયું છે**

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।**

૯૮ રાજુલા વિધાન સભામાં ધારાસભ્ય હીરા સોલંકી ભાવનગર લોક સભા ચૂંટણી લડવાની સર્ચા ઉપરથી પડદો ઉંચકાયો છે. ધારાસભ્ય હીરા સોલંકી ભાવનગર નહીં જતા સમર્થકો ખુશ થયા અને ફટાકડા ફોડ્યા હતા. ભાવનગર લોકસભા બેઠક ઉપર નીમુબેન બાંભણીયાની ટિકિટ જાહેર થતા ખુશી વ્યક્ત કરી છે. રાજુલા જાફરાબાદ વિધાન સભાના ધારાસભ્ય હીરા સોલંકી ચાલુ રહેતા ફટાકડા ફૂટ્યા હતા. જાફરાબાદ શહેરમાં હીરા સોલંકીના કાર્યકરો સમર્થકોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી છે. રાજુલા જાફરાબાદ વિધાન સભામા હીરા સોલંકી વર્ષોથી ધારાસભ્ય છે. મંત્રી પરષોત્તમ સોલંકીના નાના ભાઈ ધારાસભ્ય હીરા સોલંકી કોળી સમાજના પ્રભુત્વ વાળી બેઠક ઉપર ચિત્ર ક્લિયર થયું છે. નોંધનીય છે કે, લોકસભાની ચૂંટણીને લઈને ભાજપે બીજી યાદી જાહેર કરી દીધી છે. જેમાં ગુજરાત લોકસભાની બાકી રહેલ ૭ બેઠક માટેના ઉમેદવારોના નામ પણ જાહેર કરવામાં આવ્યા છે. હજુ ચાર બેઠક પરના નામ જાહેર કરવાના બાકી છે. ગુજરાત લોકસભાની ૭ બેઠક માટે ભાજપે આજે નામોની યાદી જાહેર કરી છે. આજે ભાજપે કુલ ૭૨ ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જેમાં ગુજરાતની ૭ બેઠકના નામ પણ જાહેર થયા છે. ભાજપે અત્યાર સુધી ૨૨ ઉમેદવારોના નામનો જાહેરાત કરી દીધી છે. ભાજપે ૨૨માંથી પૈકી ૧૦ બેઠકો પર સાંસદના પત્તા કાપ્યા છે. અમરેલી, જૂનાગઢ, મહેસાણા અને સુરેંદ્રનગર બેઠક પર હજુ ઉમેદવારના નામ પર સસ્પેંસ છે. ઉલ્લેખનિય છે કે,સાબરકાંઠા, ભાવનગર, છોટાઉદેપુરમાં અને સુરત, વલસાડના સાંસદની ટિકિટ કપાઇ છે. તો અમદાવાદ પૂર્વ અને વડોદરાના સાંસદને રિપીટ કરવામાં આવ્યાં છે.

## હિંમતનગર શહેરમાં પેલેસ્ટાઇન અને ગાઝાના સમર્થનમાં લખાણ ચિતરાયા

**। (એજન્સી) હિંમતનગર, તા.૧૪ ।**

હિંમતનગર શહેરમાં આવેલા આંબાવાડી રેલવે અંડર બ્રિજમાં અસામાજીક તત્વોએ કાળા સ્પ્રે વડે ગાઝા અને પેલેસ્ટાઈનને સમર્થન કરતા સૂત્રો લખ્યાની ઘટના સામે આવી છે. અજાણ્યા તત્વો દ્વારા અંડર બ્રિજમાં આ લખાણ લખવાને લઈ મામલો ચર્ચાસ્પદ બન્યો છે. શહેરમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારવાની અને શહેરમાં પોલીસની હાજરી દેખાય એમ કરવાની માંગ પણ ઉઠી છે. હિંમતનગર શહેરમાં અસામાજીક તત્વોની પ્રવૃત્તિઓ દિવસે દિવસે વધતી જઇ રહી હોય એવી સ્થિતિ છે.. ચોરી અને લૂંટફાટ બાદ હવે વિવાદા પ્રેરનારી ઘટનાઓ સામે આવી રહી છે.

## ધો.૯ થી ૧૨ના સરકારી-ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓને મફત પરિવહન સેવા

**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।**

હવે ધોરણ ૯ થી ૧૨ના સરકારી-ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓને મફત પરિવહન સેવા આપવામાં આવશે. ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને પહેલા આ સેવાનો લાભ મળતો હતો. અને હવે સરકારે ધોરણ ૯ થી ૧૨ને પણ યોજનાનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે. જેમના રહેણાંક સરકારી કે ગ્રાન્ટેડ સ્કૂલથી પાંચ કિલોમીટરથી વધારે દૂર હોય તેમને આ યોજનાનો લાભ આપવામાં આવશે. આ યોજના માટે બાળક દીઠ પ્રતિ મહિને ૬૦૦ રૂપિયા લેખે પરિવહન ખર્ચ કરવા આદેશ અપાયો છે. આ યોજનાનો અમલ ૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષથી શરૂ કરાશે. જેનાથી સરકારી કે ગ્રાન્ટેડ શાળાથી દૂર રહેલા વિદ્યાર્થીઓને ફાયદો થશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો.૧થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે શાળા પરિવહન ખર્ચ યોજનાની જાહેરાત શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૬૦૦ પ્રમાણે વાર્ષિક ૬ હજાર રૂપિયાની મર્યાદામાં પરિવહન ખર્ચ આપવામાં આવશે. ૫ કિ.મી.ની ત્રિજ્યાથી દૂર હોય તેમને આ યોજનાનો લાભ શિક્ષણ વિભાગના નેજા હેઠળ આવતી ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી જેઓ દૂર અંતરિયાળ વિસ્તારમાં અપ-ડાઉન કરતાં હોય તેમના માટે શાળા પરિવહન યોજના શરૂ કરવામાં આવી છે. વિભાગ દ્વારા કરાયેલા ઠરાવ પ્રમાણે વિદ્યાર્થી રહેણાંકથી ૫ કિ.મી.ની ત્રિજ્યાથી દૂર હોય તેમને આ યોજનાનો લાભ મળશે. માસિક રૂ.૬૦૦ પ્રમાણે પરિવહન ખર્ચ આપવામાં આવશે. આ માટે નક્કી કરાયેલી શરતો અંતર્ગત ગુજરાત શાળા શિક્ષણ પરિષદ-સમગ્ર શિક્ષા નોડલ એજન્સી મારફતે અમલ કરવાનો રહેશે. આ યોજનાનો લાભ લેતાં વિદ્યાર્થીઓ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સમાન પ્રકારની યોજનામાં ડુપ્લિકેશન ન થાય તેનું ધ્યાન એજન્સીએ રાખવાનું રહેશે.

**વિશેષ** ઉચ્છલ તાલુકાના હરીપુર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને 'પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલન' યોજાયું

# પ્રાકૃતિક ખેતીથી ધરતી માતાને બચાવવાના મહાયજ્ઞમાં તાપીના ખેડૂત ભાઈ-બહેનોએ તપ કરવું પડશે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

**। (માહિતી) ગાંધીનગર ।**

તાપી જિલ્લાના મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલા સરહદી ઉચ્છલ તાલુકાના હરિપુરા ખાતે ધરતી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ-ઉચ્છલ, અને સુરત-તાપી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ (સુમુલ ડેરી)નાં સંયુકત ઉપક્રમે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ મહિલા સંમેલન યોજાયું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જનમેદનીને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, તાપી જિલ્લાના હર્યાભર્યા ખેતરો જોઈને ખ્યાલ આવે છે કે, તાપી જિલ્લાના ખેડૂતો ખુબ મહેનતુ અને પરિશ્રમી છે. મહિલાઓની ભાગીદારી તમામ ક્ષેત્રોમાં અગત્યની રહી છે ત્યારે, મહિલાઓ પ્રાકૃતિક ખેતી અપનાવે તે જરૂરી છે એમ ઉમેરી, યુરિયા-ડીએપી જેવા રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના બેફામ ઉપયોગના કારણે ધરતી બીનઉપજાઉ બની છે એમ જણાવ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતીને લોકો જૈવિક ખેતી સમજી લે છે, રાજ્યપાલશ્રીએ લોકોની ગેરસમજ દુર કરી પ્રાકૃતિક ખેતી અંગે વિગતવાર જાણકારી આપી પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભથી સૌને અવગત કરાવ્યા હતા. તેમણે પોતાના અનુભવો વર્ણવી કહ્યું કે, પ્રાકૃતિક ખેતીથી જમીનની ગુણવત્તા વધે અને તેના કારણે ઉત્પાદનમાં વધારો થાય. જેના થકી ખેડૂતોની આવકમાં વધારો થાય છે. રાજયપાલશ્રીએ પોતાના ખેતરમાં એક એકરમાં ૩૫ ક્વિન્ટલ ડાંગર પકવી છે, એમ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ દેશી ગાયનું પાલન કરવા ખાસ અનુરોધ કર્યો હતો. તેમણે ખેતી માટે દેશી ગાયના છાણ અને ગૌમુત્રનું વિશેષ મહત્વ છે એમ ઉમેર્યું હતું. દેશી ગાયના છાણ અને ગૌમુત્રને ધરતી માટે અમૃત ગણાવ્યું હતું. તેમણે અળસિયાને ખેડૂતનો મિત્ર ગણાવી અળસિયા



ધરતીને ગુણવાન બનાવે છે. પ્રાકૃતિક ખેતીમાં અળસિયાના જીવનચક્રના મહત્વ અંગે સૌને અવગત કરાવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરોના ઉપયોગથી પ્રાકૃતિક કૃષિની સમતુલા ખોરવાઈ રહી છે. આબોહવા ખરાબ કરવાનું કાર્ય રાસાયણિક ખેતી કરી રહી છે. ધરતીમાં ઝેર ભેળવાતા અનેક પ્રકારના રોગો ઘર કરી ગયા છે. આ તમામ રોગોનું મુળ જંતુનાશક દવાઓ છે, એમ રાજ્યપાલશ્રીએ કૃષિ પ્રત્યેની ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, સારા સ્વાસ્થ્ય માટે સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવો જરૂરી છે. તેમણે જંગલોનું ઉદાહરણ આપતાં ઉમેર્યું કે, આદિવાસીઓ જંગલોને દેવ માને છે. જંગલમાં જે વૃક્ષો હોય છે, તેમાં કોઈ જંતુનાશક કે ખાતરનો છંટકાવ નથી કરતા. તેમાં કુદરતી રીતે જ તમામ પ્રકારના પોષક તત્વો હોય છે. આ જ પ્રકારના તત્વો આપણી ખેતીમાં, અને આપણા ખેત ઉત્પાદનમાં ઉમેરાય. તેમણે ભારપુર્વક ઉમેર્યું કે, પ્રાકૃતિક કૃષિથી જ આપણી જમીન ઉપજાઉ બની શકશે.

ગુજરાતના નવ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી ચૂક્યા હોવાનું જણાવી રાજયપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીથી ધરતી માતાને બચાવવાના આ મહાયજ્ઞમાં તાપીના ખેડૂત ભાઈ બહેનોએ પણ તપ કરવું પડશે એમ કહીને તેમણે તમામ ધરતીપુત્રો આ અભિયાનમાં સક્રિય રીતે જોડાય તે માટે આહ્વાન કર્યું હતું. પ્રાકૃતિક ખેતી માટે જીવામૃત, ઘન જીવામૃત, નિમાસ્ત્ર, શતપર્ણી જેવા કુદરતી ઉપચારો આદરવા રાજયપાલશ્રીએ પોતે લખેલા પુસ્તકમાં, પ્રાકૃતિક કૃષિની આપેલી પધ્ધતિઓને અનુસરવાનો પણ આ વેળા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી દ્વારા કુરુક્ષેત્ર ગુરુકુળમાં તેમના દ્વારા કરવામાં આવતી ખેતીની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ નિદર્શિત કરવામાં આવી હતી. જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા કૃષિકારોએ પોતાની સફળતાની વાત આ અવસરે રજૂ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે પ્રગતિશીલ ખેડૂત મહિલાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત પણ કરાયા હતા. દરમિયાન સુમુલ ડેરી સુરતના ચેરમેન શ્રી માનસિંહભાઈ કે. પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. તેમણે રાજયપાલશ્રીને આદર્શ ખેડૂત ગણાવી તેમના આદર્શો ઉપર ચાલવા ખેડૂતોને આહ્વાન કર્યું હતું. આ સાથે તેમણે સુમુલ ડેરી દ્વારા તાપી જિલ્લામાં થતા કામકાજ અંગે રાજ્યપાલશ્રીને અવગત કર્યા હતા. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. સી.કે. ટિમ્બડીયાએ સ્વાગત પ્રવચન કરીને સંસ્થાકીય પ્રવૃત્તિની વિસ્તૃત વિગતોની જાણકારી આપી હતી. તથા પ્રાકૃતિક કૃષિની ઝુંબેશને ઉચ્છલ તાલુકાના તમામ ખેડૂતો આગળ ધપાવશે એમ રાજપાલશ્રીને ખાત્રી આપી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી અરવિંદભાઈ ગામીત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સુપેરે પાર પાડવા ધરતી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ પરિવાર અને ટ્રસ્ટી મંડળના મેનેજર શ્રી પિયૂષભાઈ એમ.વળવી, ઉપપ્રમુખ શ્રી નિતેશભાઈ ગામીત, અને પ્રમુખ શ્રી યોગેશભાઈ ગામીત સહિત ધરતી એકતા સંસ્થાના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી ડો. જયરામભાઈ ગામીત, શ્રી બળવંતભાઈ પટેલ, શ્રી સમીરભાઈ ભક્તા (ચેરમેન, મઢી સુગર), જિલ્લા કલેક્ટરશ્રી ડો. વિપીન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહ તથા અન્ય મહાનુભાવો અને મોટી સંખ્યામાં મહિલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## જાપાનનું શહેર બિલાડીના કારણે હાઈ એલર્ટ પર

। (એજન્સી) ટોક્યો, તા.૧૪ ।

જાપાનનું એક શહેર એક બિલાડીના કારણે હાઈ એલર્ટ પર છે. આ બિલાડી મોડી રાત્રે ગાયબ થવા પહેલા ખતરનાક રસાયણોના એક ટેંકમાં પડી ગઈ હતી. હિરોશિમાના ફુકુયામામાં અધિકારીએ જણાવ્યું કે, તેમણે પેટ્રોલિંગ વધારી દીધુ છે અને ત્યાંના રહેવાસીઓને આ બિલાડી પાસે ન જવાની ચેતવણી આપી છે જેને છેલ્લી વખત સુરક્ષા ફૂટેજમાં રવિવારે એક પ્લેટિંગ ફેક્ટરીમાંથી નીકળતા જોઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે સોમવારે એક કાર્યકર્તા દ્વારા શોધવામાં આવેલા પંજાના નિશાનથી હેક્સાવલેન્ટ ક્રોમિયમની ૩-મીટર ઊંડી ટાંકી મળી આવી હતી જે એક કેન્સરનું પેદા કરનારું રસાયણ છે જેને સ્પર્શ કરવાથી અથવા શ્વાસ લેવા પર ફોલ્લીઓ અને સોજો આવી શકે છે. ફુકુયામા સિટી હોલના એક અધિકારીએ જણાવ્યું કે આસ-પાડોસની તલાશી દરમિયાન હજુ સુધી બિલાડી નથી મળી અને તે પણ સ્પષ્ટ નથી કે તે જીવિત છે કે નહીં. નોમુરા મેક્કી ફુકુયામા ફેક્ટરીના મેનેજર અકીહિરો કોબાયાશીએ જણાવ્યું હતું કે જ્યારે કામદારો સપ્તાહના અંતે કામ પર પરત ફર્યા ત્યારે કેમિકલ વૅટને ઢાંકવામાં આવતી એક શીટ આંશિક રીતે ફાટેલી મળી આવી. તેમણે કહ્યું કે કર્મચારીઓ ત્યારથી બિલાડીની તલાશી કરી રહ્યા છે. કોબાયાશીએ કહ્યું કે, ફેક્ટરીના કર્મચારીઓ સામાન્ય રીતે સુરક્ષાત્મક કપડા પહેરે છે.



આસામના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગુવાહાટીમાં વિકસિત ભારત કેમ્પસ ડાયલોગના એક કાર્યક્રમમાં ગુવાહાટીની સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને ચંદ્રયાન-૩ની પ્રતિકૃતિ રજૂ કરતા કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ.

### પેટીએમના સંકટ નિવારવા હવાતિયાં

## પેટીએમએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે હાથ મિલાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

સંકટમાં ફસાયેલી ફિનટેક કંપની પેટીએમ એ આખરે ૧૫ માર્ચની સમયમર્યાદા પહેલા તેના નવા પાર્ટનરને શોધી કાઢ્યો છે. પેટીએમની મૂળ કંપની વન૯૭ કોમ્યુનિકેશન્સ એ દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) સાથે હાથ મિલાવ્યા છે. અત્યાર સુધી, પેટીએમ નો યુપીઆઈ બિઝનેસ તેની પેટાકંપની પેટીએમ પેમેન્ટ્સ બેંક પર નિર્ભર હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા પેમેન્ટ બેંક પર બિઝનેસ પ્રતિબંધ લાદવામાં આવ્યા બાદ પેટીએમ પાર્ટનર બેંકની શોધમાં હતી. હવે પેટીએમ એસબીઆઈ સાથે મળીને થર્ડ પાર્ટી એપ પ્રોવાઈડર (ટીપીએપી) બની શકશે. અહેવાલ અનુસાર, અગાઉ પેટીએમ એ ટીપીએપી ભાગીદારી માટે એક્સિસ બેંક, યસ બેંક અને એચડીએફસી બેંક સાથે હાથ મિલાવ્યા હતા. એક દિવસ પહેલા જાહેર કરાયેલા અહેવાલમાં, આ જ બેંકો પેટીએમ સાથે જોડાણ કરવામાં સૌથી આગળ હોવાનું કહેવાતું હતું.

### નેધરલેન્ડમાં વડાપ્રધાનપદને લઈને રાજકીય ગરમાવો

## ઈસ્લામ વિરોધી ગીર્ટ વિલ્ડર્સની વડાપ્રધાનની આશા પર પાણી ફરી વળે એવી શક્યતા

। (એજન્સી) એમ્સટરડેમ, તા.૧૪ ।

નેધરલેન્ડમાં ઈસ્લામ વિરોધી નેતા ગીર્ટ વિલ્ડર્સની વડાપ્રધાન બનવાની આશાઓ પર પાણી ફરે વળે તેમ લાગી રહ્યુ છે. ગીર્ટ વિલ્ડર્સે પોતે જાહેરાત રી છે કે, હું પીએમ પદની રેસમાંથી બહાર છું કારણકે અન્ય પાર્ટીઓ ગઠબંધન સરકારમાં પીએમ તરીકે મારુ




સમર્થન કરવા માટે તૈયાર નથી. હું પીએમ ત્યારે જ બની શકું તેમ છું જ્યારે ગઠબંધનમાં જોડાવા માંગતા તમામ પક્ષો મારુ સમર્થન કરે પણ એવુ થઈ રહ્યુ નથી. વિલ્ડર્સની ફ્રીડમ પાર્ટીએ ગત વર્ષે થયેલી ચૂંટણીમાં સૌથી વધારે મત મેળવીને અને નંબર વન પાર્ટી બનીને તમામને ચોંકાવી દીધા હતા. જોકે તેમની પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળે તેમ નહીં હોવાથી ભારતમાં થતુ આવ્યુ છે તેમ બીજા પક્ષોના સમર્થનથી જ તેઓ સરકાર બનાવી શકે તેમ છે.

## ટ્રમ્પ જીતે તો ૧૧ લાખ ભારતીયોને ગ્રીન કાર્ડ માટે મુશ્કેલી પડી શકે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

અમેરિકાનાં પ્રેસિડન્ટ ઈલેક્શનની એક રૂપરેખા સ્પષ્ટ થઈ ગઈ છે. પારદર્શકતા રીતે જોઈએ તો જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પની ઉમેદવારી નક્કી થઈ ગઈ છે. તેવામાં રિપબ્લિકન પાર્ટીથી ટ્રમ્પે વોશિંગ્ટનમાં જીતની સાથે જરૂરી હતા તેટલા ૧૨૧૫ ડેલિગેટ્સનું સમર્થન પ્રાપ્ત કરી લીધું છે. એક બાજુ ડેમોક્રેટિક પાર્ટીથી બાઈડનને પણ જરૂરી ૧૯૬૮ ડેલિગેટ્સના



મુકાબલે ૩૯૩૩ ડેલિગેટ્સનું સમર્થન મળી ગયું છે. આ બધાની વચ્ચે હવે ભારત અને ભારતીયો માટે એક ચિંતાની વાત સામે આવી છે. જો ડોનાલ્ડ ટ્રમ્પ જીતી ગયો તો ત્યાં રહેતા લગભગ ૧૧ લાખ ભારતીયોને ગ્રીન કાર્ડ મળવું મુશ્કેલ બની જશે. આની સાથે જ ભારતને ત્યાં ટ્રેડ કરવા પર પણ કેટલાક ટેરિફ અથવા ટેક્સનો સામનો કરવો પડી શકે છે. અમેરિકામાં વસવાટ કરી રહેલા ભારતીયો અથવા અમેરિકા જવાનો પ્લાન કરી રહેલા લોકો માટે ટ્રમ્પ જીત્યો તો સારુ નહીં થાય. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના કટ્ટરપંથી ધડેએ આ વખતે પ્રોજેક્ટ ૨૦૨૫ના નામથી એક બ્લૂ પ્રિન્ટ રેડી કરી છે.

### ટુરિસ્ટ વિઝા માટેના નિયમોનુ ઉલ્લંઘન કરવાનો આરોપ

## ટૂરિસ્ટ વિઝા પર વ્યવસાય કરતા ૨૧ ભારતીયોની શ્રીલંકામાં ધરપકડ

। (એજન્સી) કોલંબો, તા.૧૪ ।

ટુરિસ્ટ વિઝા પર કોલંબો ગયેલા ૨૧ ભારતીયોની પોલીસે ધરપકડ કરી છે. તેમના પર ટુરિસ્ટ વિઝા માટેના નિયમોનુ ઉલ્લંઘન કરવાનો અને કોમ્પ્યુટર સાથે સંકળાયેલો વ્યવસાય શરૂ કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે શ્રીલંકાના નેગોંબો નામના શહેરમાં પોલીસ દ્વારા એક ઘર પર દરોડો પાડવામાં આવ્યો હતો અને



તે વખતે ઘરમાં હાજર લોકો કોમ્પ્યુટર સાથે સંકળાયેલો વ્યવસાય કરી રહ્યા હતા. એવુ મનાય છે કે, આ ભારતીયો ઓનલાઈન માર્કેટિંગ સેન્ટર ચલાવતા હતા. અધિકારીઓના કહેવા પ્રમાણે આ ઘર ભાડે રાખવામા આવ્યુ હતુ.


### ચાઈનિઝ એપને ભારત બાદ અમેરિકામાં પણ ફટકો

## યુએસ સંસદમાં ટિકટોક પર પ્રતિબંધનો પ્રસ્તાવ પસાર

**ચાઈનિઝ એપ પર ડેમોક્રેટિક અને રિપબ્લિકન એમ બંને પાર્ટીના મોટાભાગના સાંસદોનો એકમત જોવા મળ્યો**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

ચાઈનીઝ એપ ટીક ટોકને ભારત બાદ અમેરિકામાં પણ મોટો ઝાટકો લાગ્યો છે. અમેરિકાની સંસદમાં ટિકટોકને બેન કરવા માટેનો પ્રસ્તાવ ભારે બહુમતિ સાથે પસાર કરવામાં આવ્યો છે. આ મામલે ડેમોક્રેટિક અને રિપબ્લિકન એમ બંને પાર્ટીના મોટાભાગના સાંસદો એકમત હતા. પ્રતિબંધ મુકવાના પ્રસ્તાવની તરફેણમાં ૩૫૨ અને વિરોધમાં માત્ર ૬૫ મત પડ્યા હતા. અમેરિકન સંસદની આ




કાર્યવાહીથી ચીનના હોશ ઉડી જશે તે સ્વાભાવિક છે. આ નિર્ણયના કારણે ટિકટોકને અમેરિકામાં જો કાર્યરત રહેવુ હશે તો ચીનની કંપનીની માલિકીથી અલગ થવુ પડશે અથવા તો અમેરિકામાં પ્રતિબંધ માટે તૈયાર રહેવુ પડશે. હવે આ પ્રસ્તાવ રાષ્ટ્રપતિ જો બાઈડન સમક્ષ મુકવામાં આવશે અને તેના પર બાઈડન સહી કરશે તો ટિકટોકનુ અમેરિકામાં ભવિષ્ય ખતરામાં પડી જશે. પ્રસ્તાવની જોગવાઈ અનુસાર હાલમાં ટિકટોકની માલિકી ધરાવતી કંપની બાઈટ ડાન્સે ૧૮૦ દિવસમાં આ એપ વેચી દેવી પડશે નહીંતર અમેરિકામાં ગૂગલ તેમજ એપલના એપ સ્ટોર પર તે પ્રદર્શિત નહીં કરી શકાય. ટિકટોક માટે અમેરિકન સંસદની કાર્યવાહી બહુ મોટો ફટકો પૂરવાર થઈ છે.

### ફિચે ભારતના જીડીપી અંદાજમાં વધારો કર્યો

## ફિચે ભારતની આર્થિક વૃદ્ધિનું અનુમાન વધારીને ૭ ટકા કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

૧ એપ્રિલ, ૨૦૨૪થી શરૂ થતા નવા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રેટિંગ એજન્સી ફિચે ભારતના જીડીપી અંદાજમાં વધારો કર્યો છે. આ ઉપરાંત આ એજન્સીએ આર્થિક વૃદ્ધિનું અનુમાન ૬.૫ ટકાથી વધારીને ૭ ટકા કર્યું છે. રેટિંગ એજન્સીએ સ્થાનિક માંગને ધ્યાનમાં રાખતા આગામી નાણાકીય વર્ષ માટે ભારતના વૃદ્ધિ દરના અનુમાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ફિચને ભારતીય અર્થતંત્રના વિકાસ બાબતે વિશ્વાસ છે, આથી ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષ માટે ડિસેમ્બર ૨૦૨૩માં જાહેર કરાયેલ અનુમાન ૫૦ બેસિસ પોઈન્ટ્સ વધારીને ૭ ટકા કરવામાં આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે સ્ટેટિસ્ટિક્સ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ભારતના જીડીપીના ડેટા અનુસાર, આ સમયગાળા દરમિયાન ભારતે ૮.૪ ટકાના દરે વિકાસ કર્યો છે.

### ભાજપે તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી

## રાજ પરિવારના કૃતિ સિંહ અને યદુવીર કૃષ્ણદત્તને ટિકિટ મળી

### ભાજપના અત્યાર સુધીમાં તેની બે યાદીઓમાં કુલ ૨૬૭ ઉમેદવારોના નામ જાહેર, ૨ ઉમેદવારોએ નામ પાછા ખેંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

લોકસભા ચૂંટણી માટે ભાજપના ઉમેદવારોની બીજી યાદીમાં બે રાજવી પરિવારના વંશજોના નામ પણ સામેલ છે. ૭૨ ઉમેદવારોની આ યાદીમાં ત્રિપુરાની મહારાણી કૃતિ સિંહ દેબબર્મા અને ભૂતપૂર્વ મૈસૂર રાજવી પરિવારના વડા યદુવીર કૃષ્ણદત્ત ચામરાજ વાડિયારનું નામ પણ સામેલ છે. ભાજપે ત્રિપુરા પૂર્વ બેઠક પરથી કૃતિ સિંહ દેબબર્માને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે વાડિયાર વંશના 'રાજા' મૈસૂર બેઠક પરથી ચૂંટણી લડશે. ભાજપે અત્યાર સુધીમાં તેની બે યાદીઓમાં કુલ ૨૬૭ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જો કે આ પૈકી ૨ ઉમેદવારોએ પોતાના નામ પાછા ખેંચી લીધા છે. હજુ સુધી પાર્ટીએ આ બંને ઉમેદવારોના સ્થાને અન્ય કોઈ નામની જાહેરાત કરી નથી. ભાજપ દ્વારા જાહેર કરાયેલ ઉમેદવારોની બીજી યાદીમાં મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી ૨૦-૨૦, ગુજરાતમાંથી ૭, હરિયાણા અને તેલંગાણામાંથી ૬-૬, મધ્યપ્રદેશમાંથી ૫, દિલ્હી, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ અને ત્રિપુરામાંથી ૨-૨ ઉમેદવારોના નામ છે. દાદર અને નગર હવેલીમાંથી ૧-૧ ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે. મહારાણી કૃતિ સિંહ દેબબર્મા ટીપરા



મોથા પાર્ટીના સ્થાપક અને ત્રિપુરા રાજવી પરિવારના વડા પ્રદ્યોત માણિક્ય દેબબર્માની મોટી બહેન છે. આગામી લોકસભાની ચૂંટણીમાં તે પ્રથમ વખત ચૂંટણી લડશે. જોકે તેમના માતા-પિતા રાજકારણમાં સક્રિય હતા અને કોંગ્રેસ પાર્ટીના સભ્ય હતા. તેમના પિતા કિરીટ બિક્રમ દેબબર્મા ત્રણ વખત સાંસદ હતા અને તેમની માતા બિભુ કુમારી દેવી બે વખત કોંગ્રેસના ધારાસભ્ય હતા અને ત્રિપુરાના મહેસૂલ મંત્રી તરીકે પણ સેવા આપી હતી. કિરીટ દેબબર્મા ત્રિપુરાના છેલ્લા રાજા પણ હતા. કિરીટ બિક્રમ કિશોર માણિક્યની સૌથી નાની પુત્રી કૃતિએ શિલોંગના લોરેટો કોન્વેન્ટમાંથી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. આ પછી તેમણે ગુજરાતમાં ડિપ્લોમા ઈન એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન એન્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ તેમજ સિનિયર મેનેજમેન્ટ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ કોર્સ કર્યો. તે ૧૯૯૨થી ૧૯૯૪ સુધી શિલોંગમાં એનિમલ વેલફેર ઓફિસર હતા. તેમના લગ્ન છત્તીસગઢના પૂર્વ કવર્ધા રાજ શાહી પરિવારના વંશજ યોગેશ્વર રાજ સિંહ સાથે થયા હતા. કૃતિ સિંહ દેબબર્મા તેમના ભાઈની પાર્ટીની સભ્ય છે, પરંતુ તે ભાજપમાંથી ચૂંટણી લડશે. ટિપરા મોથા તાજેતરમાં ત્રિપુરામાં ભાજપની આગેવાની હેઠળની સરકારમાં જોડાયા બાદ દેબબર્માની ઉમેદવારીની જાહેરાત કરાઈ છે. કૃતિ સિંહની બહેન કુમારી પ્રજ્ઞા દેબબર્માએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ત્રિપુરા પૂર્વ બેઠક પરથી ચૂંટણી લડી હતી. ભાજપની બીજી યાદીમાં સામેલ બીજું નામ મૈસુરના રાજવી પરિવારના યદુવીર કૃષ્ણદત્ત ચામરાજા વાડિયારનું છે. ૩૨ વર્ષીય યદુવીર જયરામચંદ્ર વાડિયારના પૌત્ર છે. જયરામચંદ્ર વાડિયાર મૈસુરના ૨૫મા અને છેલ્લા રાજા હતા. યદુવીર તેમના કાકા અને વાડિયાર વંશના ૨૬મા રાજા શ્રીકાંતદત્ત નરસિંહરાજા વાડિયારના રાજકીય વારસાને આગળ વધારશે. શ્રીકાંતદત્ત નરસિંહરાજા વાડિયાર ચાર વખત મૈસૂરથી સાંસદ રહી ચૂક્યા છે. યદુવીરને ૨૦૧૫ માં ભૂતપૂર્વ મૈસૂર શાહી પરિવારના વડા તરીકે તાજ પહેરાવવામાં આવ્યો હતો. આ પછી તે વાડિયાર વંશના ૨૭મા 'રાજા' બન્યા.

### કેનેડાથી અમેરિકામાં ઘૂસણખોરી કરનારા ફસાયા

## યુએસમાં ઘૂસતા 3 ભારતીય સહિત ચાર જણાં ઝડપાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

અમેરિકામાં ઘૂસવાની ઘેલછા ભારતીયોમાં હંમેશાથી રહેલી છે. કાયદાકીય રીતે વિઝા લઈને તેઓ અમેરિકા જવાનો પ્રયાસ કરે છે પરંતુ જો તેમાં સફળતા ના મળે તો તેઓ ગેરકાયદેસર વિકલ્પ અપનાવતા પણ ખચકાતાં નથી. અમેરિકાની સધર્ન બોર્ડર પરથી ભારતીયો સહિત કેટલાય દેશોના નાગરિકો અમેરિકામાં ઘૂસણખોરી કરી ચૂક્યા છે. બુધવારે પણ ગેરકાયદેસર રીતે અમેરિકામાં ઘૂસી રહેલા ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ત્રણ ભારતીયો સહિત કુલ ચાર શખ્સોની યુએસ ઓથોરિટીઝે કેનેડિયન બોર્ડર નજીક આવેલા અપસ્ટેટ ન્યૂયોર્કથી ધરપકડ કરી છે. બફેલોમાં આવેલા




ઈન્ટરનેશનલ રેલબોર્ડ બ્રિજ પરથી પસાર થયેલી ટ્રેનમાંથી આ શખ્સો કૂદી પડ્યા હતા. જેથી યુએસ બોર્ડર પેટ્રોલે ચારેયની ધરપકડ કરી છે. પકડાયેલા ચાર શખ્સોમાંથી એક મહિલા છે. જ્યારે એક શખ્સ ડોમિનિકન રિપબ્લિકનો નાગરિક છે. ઈજાગ્રસ્ત મહિલા અને બાકીના બંને પુરુષો ભારતીય નાગરિક છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, પોલીસની ટીમ આ શખ્સોની પાછળ પડી ત્યારે તેઓ ઘાયલ મહિલાને છોડીને ભાગી ગયા હતા. જોકે, બહુ દૂર સુધી જઈ શકે એ પહેલા જ પોલીસે તેમને પકડી લીધા. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ ચારેય જણાં અમેરિકામાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરી રહ્યા હતા. યુએસ બોર્ડર પેટ્રોલે મીડિયાને જણાવ્યું કે, ''ત્રણેય શખ્સોને બફેલો પોલીસ સ્ટેશન લઈ જવાયા છે અને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પૂછપરછ દરમિયાન બોર્ડર પેટ્રોલ એજન્ટ્સને જાણવા મળ્યું કે, આ મહિલા અને બંને શખ્સો ભારતીય નાગરિક છે. જ્યારે ત્રીજો શખ્સ ડોમિનિકન રિપબ્લિકનો નાગરિક છે.'' યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના ઓફિસરો તેમજ એરિ કાઉન્ટી શેરિફના ડેપ્યુટીઝે ઘાયલ મહિલાને પ્રાથમિક સારવાર આપી હતી.

### કેનેડાના કેટલાક પ્રોવિન્સમાં મોટા કાપની શક્યતા

## નોવા સ્કોટિયા પ્રોવિન્સ ૧૨,૯૦૦ સ્ટુડન્ટ એપ્લિકેશન પ્રોસેસ કરશે

। (એજન્સી) ટોરેન્ટો, તા.૧૪ ।

કેનેડાના કેટલાક પ્રોવિન્સ આ વર્ષથી સ્ટડી પરમિટમાં મોટો કાપ મૂકવાના છે. નોવા સ્કોટિયા પ્રોવિન્સે જાહેરાત કરી છે કે આ વર્ષે તે માત્ર ૧૨,૯૦૦ સ્ટુડન્ટની એપ્લિકેશન પ્રોસેસ કરશે. કેનેડા સરકારે વર્ષ ૨૦૨૪-૨૫માં સ્ટડી પરમિટમાં કાપ મૂકવાનો નિર્ણય લીધો છે. તેના પગલે પ્રોવિન્સને પણ બહુ ઓછો ક્વોટા ફાળવાયો છે. આ એપ્લિકેશન્સને નોવા સ્કોટિયાની યુનિવર્સિટીઓ, પ્રાઈવેટ કરિયર કોલેજો વચ્ચે વિભાજિત કરવામાં આવશે. કેનેડામાં હાઉસિંગ કટોકટી અને




જોબની અછતના કારણે સરકારે સ્ટડી પરમિટ પર મર્યાદા મૂકવાની જાહેરાત કરી છે. ટ્રૂડો સરકારે કહ્યું છે કે વર્ષ ૨૦૨૪માં અંડરગ્રેજ્યુએટ્સ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ્સ માટે કુલ ૨.૯૨ લાખ સ્ટડી પરમિટ આપવામાં આવશે. ઈમિગ્રેશન રેફ્યુજી એન્ડ સિટિઝનશિપ કેનેડા દ્વારા સ્ટડી પરમિટ અરજીઓ પર નિયંત્રણ લાદવામાં આવ્યા પછી આ કેપ મૂકાઈ છે. શરૂઆતમાં કેનેડાએ એક વર્ષમાં ૩.૬૦ લાખ સ્ટુડન્ટને પરમિટ આપવાનું નક્કી કર્યું હતું. પરંતુ ત્યાર પછી બે વર્ષના ગાળામાં પરમિટમાં ૩૫ ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લેવાયો હતો. કેનેડા પોતાની એજ્યુકેશન સિસ્ટમમાં કોઈ ચેડા ન થાય તેને વધારે મહત્ત્વ આપે છે. કેનેડામાં માત્ર જેન્યુઈન સ્ટુડન્ટ જ ભણવા આવે તે માટે સ્ટડી પરમિટ પર લિમિટ લાદવામાં આવી છે. તેના કારણે અલગ અલગ પ્રોવિન્સ પણ ઓછી સંખ્યામાં સ્ટુડન્ટ પરમિટને પ્રોસેસ કરશે.

## તંત્રી લેખ...

# વન નેશન-વન ઇલેક્શન

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વ હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિએ વન નેશન-વન ઈલેક્શન પર પોતાનો રિપોર્ટ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને સોંપ્યો છે. ૧૮,૬૨૬ પેજના આ રિપોર્ટમાં કમિટીએ દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એક સાથે કરાવવા માટે બંધારણમાં સુધારો કરવાની ભલામણ કરી છે. કોવિંદના વડપણ હેઠળની આ સમિતિએ દેશમાં એક સાથે ચૂંટણી કરાવવા માટે બંધારણના છેલ્લા પાંચ અનુચ્છેદમાં સુધારો કરવાની ભલામણ રાષ્ટ્રપતિને કરી છે. આમાં સંસદના ગૃહોની અવધિ સાથે સંબંધિત કલમ ૮૩, લોકસભાના વિસર્જનને લગતી કલમ ૮૫, રાજ્યની વિધાનસભાઓની અવધિ સાથે સંબંધિત કલમ ૧૭૨, રાજ્ય વિધાનસભાઓના વિસર્જનને લગતી કલમ ૧૭૪ અને કલમ ૩૫૬નો સમાવેશ થાય છે. રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા સાથે સંબંધિત. સમિતિનો આ અહેવાલ ૧૯૧ દિવસના સંશોધન કાર્યનું પરિણામ છે. એવું કહેવામાં આવ્યું છે કે પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થઈ શકે છે, ત્યારબાદ ૧૦૦ દિવસની અંદર બીજા તબક્કામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ થઈ શકે છે. કમિટીના રિપોર્ટ અનુસાર મોટા ભાગના રાજકીય પક્ષો લોકસભા, વિધાનસભા અને પંચાયતની ચૂંટણીઓ એકસાથે કરાવવા માટે સહમત થયા છે. એક રાષ્ટ્ર, એક ચૂંટણી માટે સરકાર પડવાની સ્થિતિમાં એક સાથે ચૂંટણી યોજવાની વ્યવસ્થા જાળવી રાખવા માટે સમિતિએ મહત્વપૂર્ણ ભલામણો કરી છે. સમિતિના અહેવાલમાં લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે એક જ મતદાર યાદી જાળવવાની ભલામણનો સમાવેશ થાય છે એટલે કે લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ કરવા માટે એક જ મતદાર યાદી તૈયાર કરવી જોઈએ. એવું કહેવામાં આવી રહ્યું છે કે જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની સંબંધિત જોગવાઈઓમાં સુધારો કરવાની પણ ભલામણ કરવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું છે કે સમિતિ માને છે કે તેની તમામ ભલામણો સાર્વજનિક ક્ષેત્રમાં હોવી જોઈએ, પરંતુ સરકારે આ અંગે નિર્ણય લેવો જોઈએ. રિપોર્ટમાં એકસાથે ચૂંટણી કરાવવા માટે જરૂરી નાણાકીય અને વહીવટી સંસાધનોની વિગતો પણ આપવામાં આવશે. આ સંદર્ભમાં, સમિતિએ તેની વેબસાઈટ દ્વારા આપવામાં આવેલા પ્રતિસાદ અને ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરો સહિત તમામ હિતધારકોના પ્રતિસાદ પર વિચાર કર્યો છે.

## આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ્હસ્તે ઉમરેઠ ખાતે રૂ. ૧૦.૯૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

### “કેન્દ્ર સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર” : ઋષિકેશભાઈ પટેલ



। આણંદ ।

રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ્હસ્તે ઉમરેઠ નગરપાલિકા વિસ્તારમાં અંદાજિત ૧૦.૯૦ કરોડના વિકાસ કામોનું ઉમરેઠ ખાતે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. આ ખાતમુહૂર્ત અંતર્ગત ઉમરેઠ નગરપાલિકા વિસ્તારમાં આવેલ મલાવ તળાવના બ્યુટીફીકેશનનું અંદાજીત રકમ રૂ.૫ કરોડનું કામ, નવા રોડ-રસ્તા,પીવાના પાણીની પાઈપલાઈન,વરસાદી પાણીના નિકાલની પાઈપ લાઈન જેવા મંજુર કરવામાં આવેલા અંદાજીત રકમ રૂ. ૫.૫૦ કરોડના વિકાસ કામો સહિત કુલ ૬૧ કામોનું મંત્રીશ્રીના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિવિધ પડતર પ્રશ્નો જેવા કે રામમંદિર નિર્માણ તથા કલમ ૩૭૦ને નાબૂદ કરીને જમ્મુ અને કાશ્મીરને વિકાસ પથ પર લાવવાનું સુગમ કાર્ય કર્યું છે. યુક્રેન અને રશિયા વચ્ચે સર્જાયેલ ગંભીર અને ભયાનક પરિસ્થિતિના સમયમાં યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને યુક્રેનમાંથી સુરક્ષિત પરત ભારત લાવવાનું કામ કરી વિશ્વના ફલક પર સુદ્રઢ નેતૃત્વની અમિટ છાપ છોડીને દેશને વિકાસપથ પર સતત ગતિમાન રાખવાનું કાર્ય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવ્યું હોવાનું પણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. વધુમાં આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારની અમલી બનાવવામાં આવેલી જનકલ્યાણની ૧૭ પ્રકારની યોજનાઓના લાભો રાજ્યમાં છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં ગુજરાત દેશમાં મોખરાનું રાજ્ય બન્યુ હોવાનું જણાવ્યું હતું. આરોગ્ય સુવિધા, મહિલા સશક્તિકરણ, યુવા સ્વાવલંબન અને ઔદ્યોગિક વિકાસ જેવા અનેક પાસાઓમાં આજે ગુજરાત દેશમાં અગ્રેસર છે તેમ જણાવી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આગામી ટૂંક સમયમાં દિવસના સમય દરમિયાન પણ વિજળી આપવાનો સંકલ્પ પૂર્ણ કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. મંત્રીશ્રીએ સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ આણંદ જિલ્લામાં આજે વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરતા ઘણી ખૂશી અને ગર્વની લાગણી થાય છે તેમ જણાવી જિલ્લાના વિકાસમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલના કાર્યોને બિરદાવ્યા હતાં. આ પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે જણાવ્યું હતું કે ભારતને વિશ્વના મંચ પર સન્માન અપાવવાનું કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે. દેશની અર્થવ્યવસ્થાને આજે વિશ્વના ટોચના દેશોની યાદીમાં સામેલ કરવાથી લઈને દેશને આંતરિક અને સરહદી સુરક્ષામાં સુદ્રઢ રાખવાનું કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે. વધુમાં સાંસદશ્રીએ રાજ્ય સરકાર દ્વારા નવા હોસ્પિટલ, માર્ગ, જન સેવા કેન્દ્રો અને આવાસોના નિર્માણ જેવા અનેક કલ્યાણકારી કાર્ય કરવામાં આવ્યા છે જેનો લાભ રાજ્યના અને જિલ્લાના અનેક લોકોને મળી રહ્યા છે. આ પ્રસંગે જિલ્લા પુરવઠા અધિકારી શિવાંગી શાહ, નગરપાલિકા પ્રમુખશ્રી કનૈયાલાલ શાહ, નગર પાલિકા ચીફ ઓફિસરશ્રી ભારતીબેન સોમાણી, પૂર્વ રાજ્યસભા સાંસદશ્રી લાલસિંહ વડોદિયા, અગ્રણી રાજેશભાઈ પટેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

**જીવ એટલે કે મનુષ્ય પોતે કેટલો શાંત છે એ નક્કી કરવું હોય તો જે તે વ્યક્તિએ પોતે પોતે આંખો બંધ કરીને બેસવું જોઈએ**

# દિવસે દિવસે આપણી માનસિકતા કોઈની મદદ કરવાની નહીં, પણ કોઈનું છીનવી લેવાની થતી જાય છે! જે ખોટું છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**૧૯૫૯માં બનેલી રાજ કપૂર અને નૂતન અભિનીત અનાડી ફિલ્મનું આ ગીત છે અને જેના ગાયક મુકેશ છે મ્યુઝિક શંકર જયકિશન અને ગીતના શબ્દો શૈલેન્દ્રનાં છે**

આપનાં શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જીવ એટલે કે મનુષ્ય પોતે કેટલો શાંત છે એ નક્કી કરવું હોય તો જે તે વ્યક્તિએ પોતે પોતે આંખો બંધ કરીને બેસવું જોઈએ. કેટલી વાર સુધી તે આંખો બંધ રાખી શકે છે? અને આખો બંધ રાખીને એકધારો બેઠા હોવાં છતાં મન પણ ક્યાંનું ક્યાંય ગમન કરે છે કે, પોતાના વશમાં છે એ પરથી જે તે વ્યક્તિની માનસિક શાંતિનું પ્રમાણ નીકળે. આ આંખો બંધ કરીને શાંતિથી બેસવા સાથે તેની દિનચર્યા પણ જવાબદાર છે, એટલે કે તેણે આખા દિવસમાં કેટલી ઉથલપાથલ કરી, કેટલો સંઘર્ષ કર્યો, કેટલો પરિશ્રમ કર્યો, કેટલો સંવાદ કર્યો. વિવાદ કર્યો, કે પછી વ્યર્થ વિદ્રોહ કર્યો, આ બધું જ એ શાંતિનાં અને એકાંતની પળોમાં પડઘાયા કરે છે. સતત એને અણ દેખ્યું કરીને જો શાંતિ માટેની ચાહને તીવ્ર બનાવી શકાય, કે પછી આસાનીથી અણદેખ્યું કરી શકાય છે, એ તટસ્થતાથી નક્કી કરવું પડે! ૧૫ થી ૨૦ મિનિટ તો ભાગ્યે જ કોઈ આંખ બંધ રાખીને રહી શકે. એકવાર અભ્યાસ થઈ જાય, પછી આ સમય અવધી ધીરે ધીરે વધારવાની અને આખા દિવસની દિનચર્યા પર નજર ફેરવી શું શું ન કરવા જેવું કર્યું, અને શું શું કરવા જેવું કર્યું, એની નોંધ કરી એ મુજબ જીવીએ તો જીવનમાં શાંતિ મળે છે. આ એક સાવ સીધો સાદો પ્રયોગ છે, નથી આમાં કોઈ વ્રત અનુષ્ઠાન કે મંત્ર જાપ કરવાના. પણ હા આખા દિવસની દિનચર્યામાં જાતને સંયમિત કરવાના પ્રયોગો થયા હોય, ઈશ્વર સ્મરણ થયું હોય, તો એકાંત એટલું અકળાવતું નથી. એકાંત એ માનવીય માનસિકતા માપવાનો પેરામીટર છે. સતત પોતાની ઈચ્છા અને એ ન પૂરી થયાની વ્યથા! બસ શું આનું નામ જ જીવન છે?? એ પ્રશ્ન જ્યારે સતાવે ત્યારે જ એમાંથી બહાર નીકળવાનો માર્ગ પણ મળે, અને ત્યારે જ જીવને સમજાય કે, શું આખાં દિવસમાં કોઈના મોઢા પર હાસ્ય આવે એવું કંઈ એનાથી થયું છે? કે પછી કોઈના દુઃખને દૂર કરવાનો પ્રયત્ન થયો છે? મનોરંજન માત્ર આપણી ઈચ્છાઓ પૂરી કરવાથી નથી થતું! ક્યારેક અન્યની ઈચ્છાઓ પૂરી કરવાથી, પણ ખુશી અને પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય છે. આવા જ ભાવનો સંદર્ભ લઈને આપણે તરાને કી તર્જ જીવનકાળમાં આજે વાત કરીશું.

**કિસી કી મુસ્કુરાહટોં પે હો નિસાર**
**કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર**
**કિસીકે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર**
**જીના ઇસી કા નામ હૈ**
**કિસી કી ...**
**માના અપની જેબ સે ફકીર હૈં**
**ફિર ભી યારોં દિલ કે હમ અમીર હૈં - (૨)**
**મિટે જો પ્યાર કે લિયે વો જીન્દગી**
**જલે બહાર કે લિયે વો જીન્દગી**
**કિસી કો હો ન હો હમેં તો ઐતબાર**
**જીના ઇસી કા નામ હૈ**
**રિશ્તા દિલ સે દિલ કે ઐતબાર કા**
**જીન્દા હૈ હમીં સે નામ પ્યાર કા - (૨)**
**કે મર કે ભી કિસી કો યાદ આયેંગે**
**કિસી કે આઁસુઓં મેં મુસ્કુરાયેંગે**
**કહેગા ફૂલ હર કલી સે બાર બાર**
**જીના ઇસી કા નામ હૈ**

૧૯૫૯માં બનેલી રાજ કપૂર અને નૂતન અભિનીત અનાડી ફિલ્મનું આ ગીત છે અને જેના ગાયક મુકેશ છે મ્યુઝિક શંકર જયકિશન અને ગીતના શબ્દો શૈલેન્દ્રનાં છે. ફિલ્મ મેં જોઈ નથી પરંતુ રાજ કપૂરની ફિલ્મ હોવાથી એ ઉત્કૃષ્ટ રહી હશે અને ફિલ્મ દ્વારા એમણે સમાજને ખૂબ જ સારો મેસેજ પણ આપ્યો હશે. ગીતના શબ્દ પર ધ્યાન દઈએ તો કોઈના મોઢા પર હસી આવે એ માટે આપણે આપણું જીવન ન્યોછાવર કરી દેવું જોઈએ, અને કોઈના દુઃખ દર્દ ઉદાર લઈ ને પણ એને ખુશી આપવી જોઈએ, એવા સીધા સાદા ભાવ આ ગીતના છે. આજથી ૭૦ વર્ષ પહેલા માનવી આજ રીતે જીવતો હતો, એમ કહી શકાય! અને આઝાદીની લડત એટલે તો શક્ય બની કારણ કે લોકો એકબીજાના દુઃખ દર્દને સમજતાં હતાં એને દૂર કરવા પ્રયત્ન કરતા હતાં અને સમાજનો એક એક વર્ગ એમાં જોડાયો હતો. એટલે કંઈ બહુ દૂરની વાત નથી હજી પણ આ મંજર આપણે કાયમ કરી શકીએ એમ છીએ અને આમ જુવો તો સૌની ઈચ્છા પણ ખરી! પણ એ કંઈ એમનેમ તો થશે નહીં? દિવસે દિવસે આપણી માનસિકતા કોઈની મદદ કરવાની નહીં, પણ કોઈનું છીનવી લેવાની થતી જાય છે! જે ખોટું છે! કંઈક યોગદાન પણ આપવું પડશે! તો એની માટે કોઈ તૈયાર નથી! અને આમાં કંઈ આપણે શ્રીમંત હોવું પણ જરૂરી નથી હોસ્પિટલો બંધાવવી, કે શાળાઓ બંધાવવી, એ ખરેખર સમાજ સેવાનું કામ છે. પણ દરેક તો એ ન જ કરી શકે! એ એક સીધી સાદી સમજ પણ સૌએ કેળવવી પડે! પરંતુ એનો મતલબ એ નથી કે એટલે હાથ પર હાથ રાખીને બેઠા રહેવું. આપણા પૂર્વજોએ આપણને એક શીખ કે સંસ્કાર આપ્યા હતાં, કે ભાગમાંથી ભાગ કાઢવો! આપણે ત્યાં ગાય કૂતરાની રોટલી કાઢી જીવદયાને પણ એ રીતે મહત્વ અપાતું! પણ એ અંધશ્રદ્ધા મુક્ત હોવું જોઈએ. બસ આ ભાગમાંથી ભાગ કાઢવાની આપણી જે મૂળ પરંપરા છે એને આપણે ફરીથી શરૂ કરી દઈએ, અને એ પણ પક્ષપાત વગર તો ખરેખર આપણે કવિ લખે છે તેમ કોઈના મોઢા પર હસી લાવી શકીશું, કોઈનું થોડું દુઃખ દર્દ ઓછું કરી શકીશું! અને એટલી જ કવિ લખે છે કે, માંના અપની જેબ સે ફકીર હૈં એટલે કે ખિસ્સામાં એટલી સમાજ સેવા થાય એટલો રૂપિયો નથી! પણ દિલથી હું અમીર છું, અને એકવાર દિલમાં સંવેદનાનું ઝરણું વહે પછી આપણે કંઈ જ યત્ન કરવા પડતાં નથી! પછી તો આપોઆપ ભાગ નીકળે છે! અરે પછી તો પોતાના ભાગનું પણ આપીને બીજાનાં મુખ પર હંસી લાવવા માટે પ્રયત્ન થશે! બસ એકબીજાના દિલ આ રીતે મળી જાય ! અથવા તો એકબીજા પર વિશ્વાસ કરતાં આવડી જાય તો, પછી અવિશ્વાસનું કોઈ કારણ રહેતું નથી. એટલે કે એ મને આમ કરશે તો! એ મને દગો દેશે તો! એ મારા રૂપિયા પાછા નહીં આપે તો! એ મારી પ્રોપર્ટી હડપ્પી લેશે તો?: આવાં કોઈ સંશયો રહેતા નથી! જેણે આપ્યું છે એ વધુ પણ આપશે! અથવા તો અન્યની મદદ થાય એટલે જ આપ્યું હશે! એમ વિચારીને અન્યની તકલીફો ઓછી કરવામાં પ્રવૃત થવું જોઈએ! બસ આ રીતે પરસ્પર હુંફ કે લાગણી દાખવીને પ્રેમ પ્યાર કે મહોબ્બત નું નામ જીવતું રાખવાનું છે. મારી તમારી માનસિકતા કિસી કી મુસ્કુરાહટોં પે હો નિસાર! જેમ કોકની હંસી માટે કે દુઃખ દર્દ માટે પણ થોડું થોડું વિચારીને જીવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ગૃહસ્થાશ્રમના કિલ્લામાં રહીને લડવું એ ઉત્તમ છે, છ શત્રુઓ વન માં જાવ તો તમારી સાથે આવે છે અને પજવે છે**

# સંસારના વિષયો જ્યાં સુધી ગમે છે ત્યાં સુધી આ જીવ જ્ઞાનભક્તિમાં આગળ વધી શકતો નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વૈરાગ્યની પરીક્ષા યુવાનીમાં થાય છે, જેની પાસે કાંઈ નથી તે ત્યાગ કરે તેનો કોઈ અર્થ નથી, જુવાનીમાં સંપત્તિ છે, સુખ છે છતાં વિષયમાં મન ન જાય તે ખરો વૈરાગ્ય**

જીવ જ્યાં જાય ત્યાં તેની પાછળ છ ચોરો પડેલા છે:કામ, ક્રોધ, લોભ મોહ, મદ અને મત્સર. આ વિકારો પાછળ આવે છે. આ વિકારોને વશ ન થઈ ઘરમાં રહે તો થર બાધક થતું નથી. આ ચોરો સામે ઊલટું ઘરમાં રહી આ શત્રુ ઓને જીતવા નું સહેલું છે. ગૃહસ્થાશ્રમના કિલ્લામાં રહીને લડવું એ ઉત્તમ છે. છ શત્રુઓ વન માં જાવ તો તમારી સાથે આવે છે અને પજવે છે. સુખી થવું હોય તો તમારી ઉંમરના ચાલીસમા વર્ષે સંસાસથી વધારે સંકલવા લાગો અને એકાવન વર્ષે વનમાં જાવ. બ્રહ્માજી પ્રિયવ્રત રાજાને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થવાની સલાહ આપે છે. વ્યવહાર કરો પણ એવી રીતે કરો કે, પુનર્જન્મનું બીજોરોપણ ન થાય રાગદ્વેષ વગર કરેલો વ્યવહાર મનુષ્યને બંધનરૂપ થતો નથી. એવો જીવનમુક્ત પુરુષ શરીરના અભિમાનથી રહિત થાય છે, તેથી તેને બીજો દેહ મળતો નથી.રાજા પ્રિયવ્રત લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થયો.તેના પછી આગ્નિધ્નગાદી ઉપર આવ્યો. તે વનમાં તપ કરવા ગયો, ત્યાં એના ચિત્તમાં રહેલી પૂર્વજન્મની વાસના પૂર્વચિત્તિ વિઘ્ન કરવા આવી. ભોગવેલા વિષય-સુખનું સ્મરણ, મનમાં રહેલી સૂક્ષ્મ વાસના, પૂર્વનાં સંસ્કારો એ જ પૂર્વચિત્તિ છે. પૂર્વની વાસના જલદી છૂટતી નથી. ઈન્દ્રિયોને જે સુખ એક વખત આપ્યું તે ફરીથી માગશે. વિષયોમાં જ્યાં સુધી આકર્ષણ છે ત્યાં સુધી વિષયેચ્છાનો નાશ થતો નથી, પણ વિષયોનું આકર્ષણ ન રહે તો વિષયેચ્છાનો વિનાશ છે. સંસારના વિષયો જ્યાં સુધી ગમે છે ત્યાં સુધી આ જીવ જ્ઞાનભક્તિમાં આગળ વધી શકતો નથી. નિવૃત્તિ લઈ બેઠેલાનેયે પૂર્વચિત્તિ પજવે છે. આગ્નિધ્ન રાજા પૂર્વચિત્તિમાં ફસાયા છે. આગ્નિધ્નને ઘરે થયા નાભિ અને નાભિના ઘેર ઋષભદેવ પુત્રરૂપે પ્રગટ થયા. ઋષભદેવ જ્ઞાનનો અવતાર હતા. પરમહંસોનું વર્તન કેવું હોય તે બતાવવા ભગવાને ઋષભદેવજી રૂપે જન્મ લીધો, ઋષભ એટલે સર્વશ્રેષ્ઠ., તપ કરવા માટે છે. તપ ઋષભદેવજી વારંવાર ઉપદેશ કરે છે, માનવ જીવ ભોગ માટે નથી કરો અને સર્વમાં ઈશ્વરને નિહાળો. માનવશરીર વિષયસુખોમાં વેડફી નાખશો નહીં. જ્ઞાની પરમહંસોએ જગતમાં કેવી રીતે રહેવું જોઈએ તે બતાવવા ઋષભદેવજીએ સર્વ સંગનો ત્યાગ કર્યો, સર્વનો ત્યાગ કર્યો. ઋષભદેવજી પાસે અનેક સિદ્ધિઓ આવેલી પણ તેમાં તેઓ ફસાતાનથી. ગૃહસ્થને પૈસો છોડવો કામસુખ છોડવું એ અઘરું છે. પણ એનાથીયે અજી મહાત્માઓ એ આ સિદ્ધિઓમાંથી છૂટવું તે છે. જ્ઞાની મહાત્માઓને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે, ઊભા થાય છે, બળદની જેમ ભાજી આરોગે છે. કોઈ મારે છે મા ભરીને માર પડે છે. મને શું? હું કાંઈ શરીર નથી. શરીરથી આત્મા જુદો છે. તે જાણે છે સાં પણ અનુભવે છે કોઈક. નાળિયેરમાં કાચલી-કોપરું એક નથી, છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરા ને છોડતી નથી. તેમ મનુષ્યમાં જ્યાં સુધી વિષયરસ છે, વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્મા જુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું એ આત્મા છે. પાણી એ વિષયરસ છે. સંસારની કોઈ વસ્તુમાં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છે. એમ લાગતું નથી. નામરૂપનો મોહ છૂટતો નથી, ત્યાં સુધી આત્મા શરીરથી જુદો છે એમ દેખાતું નથી. ઊલટો દેહા ધ્યાસ વધે છે. સંસારના જડ પદાર્થો સાથે અતિ સ્નેહ કરવાથી જડાધ્યાસ પણ વધે છે. તપથી અંતઃકરણની જડશુદ્ધિ થાય છે, ને બ્રહ્મસુખ મળે છે. બ્રહ્મજ્ઞાનની વાતો કરે, પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી. ખરો જ્ઞાની એ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે. ઈશ્વર વિના સંસારના જડ પદાર્થમાં સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઈ શકે નહીં. હું શરીર નથી.હું સર્વનો સાક્ષી ચેતનઆત્મા આનંદરૂપ છું,એવું બ્રહ્મ જ્ઞાન થયા પછી પણ તેને સંસારના વિષયો સાથે પ્રેમ હશે તો તેનેબ્રહ્મા નંદ મળશે નહીં.બ્રહ્મજ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે, આથી જ્ઞાની પુરુષે કોઈ પણ વસ્તુમાં સ્નેહ કરવો નહીં. કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં. જેઓ મૃત્યુરૂપ સંસારમાં ફસાયેલા બીજા લોકોને તારી ન શકે તેવો ગુરુ એ ગુરુ નથી,સ્વજનએ સ્વજન નથી,પિતા એ પિતા નથી અને માતા એ માતા નથી. એટલે કે ગુરુ, સ્વજન, પિતા-માતા થવાને લાયક નથી. જ્ઞાનની સાત ભૂમિકાઓ યોગ વશિષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છે:શુભેચ્છા, સુવિચાર ણા તનુ માનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ પદાર્થ ભાવિની, તુર્યગા. શુભેચ્છા ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમના માર્ગદર્શન પ્રમાણે આત્મા ની સાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા.સુવિચારણા વચનો નો તથા શાસ્ત્રોનો વારંવાર વિચાર તે વિચારણા? સદગુરુએ ઉપદેશ કરેલાં નિદિધ્યાસનથી શબ્દાદિ વિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે ર૬૫ સાક્ષાત્કાર પર્યંતની ભૂમિકાવાળો પુરૂષ બુદ્ધિની તનુતા-સૂરમતા, પાત થાય છે. સત્ત્વાપત્તિ ઉપરના ત્રણથી સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિએ સત્ત્વાપત્તિ. જ્ઞાનની ચૌથી બ્રહ્મ વિતુ કહેવાય છે. અસંસક્તિ : ચિત્ત વિશે પરમા નંદ અને નિત્ય અપરોક્ષએવી બ્રહ્માત્ય ભાવનાનો સાક્ષાત્કાર તે અસંસ ક્તિ એમાં અવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી. તેનું નામ અસંસક્તિ.પદાર્થભાવિની પદાર્થો ની દ્રઢ અપ્રતીતિ થાય છે તે. તુયંગા ત્રણ અવસ્થાથી મુક્ત, બ્રહ્માને જે અવસ્થામાં આત્મારૂપે અખંડ જાણે તે અવસ્થા. આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે. બાકીની ચાર જ્ઞાન કોટિની છે. ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો, જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે, અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે. ઋષભદેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી. જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો. બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા. ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગિનિમાં સમજપૂર્વક પ્રવેશ કર્યો. દેહ બળે છે, આત્માને કંઈ થતું નથી. આવી આત્મનિષ્ઠા એ પરમહંસો માટે છે. ઋષભદેવનું ચરિત્ર સામાન્ય માટે અનુકરણીય નથી. ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા. જેના નામ પરથી આ દેશનું નામ ભરતખંડ પડ્યું છે. ભરતજીની કથા વર્તમાન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે.તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવત ભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો. ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી. ભરતજી મહાવૈષ્ણવ હતા, તો પણ પ્રેમ કરો તો જ કરેલાં કર્મનું પુણ્ય પરમાત્મા ને અર્પણ કરી શકો. પત્ની મહેનત વધુ કરે છે પણ અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી. ઈશ્વરની સાથે ખૂબ ચા કરતા હતા. અગ્નિ તો ઠાકોરજીનું મુખ છે. ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય શ્રીકૃષ્ણના ચરણમાં તેનું ફળ આપે છે પતિને. તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભને સમર્પે છે. સકામ કર્મની ભાગવત માં નિંદા કરી છે.સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી. ભરત નિષ્કામ ની ભાવથી કર્મ કરતાં અને તેનું પૂણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા. ભરતજી હરેક સત્કર્મની સમાપ્તિ વખતે બોલતા કે, આ કર્મથી મારા પ્રભુ પરમેશ્વર પ્રસા થાઓ. આ કર્મની સાથે કાંઈ લેવાદેવા નથી. એક દિવસ ભરતજીને જુવાનીમાં વૈરાગ્ય થયો. જુવાનીમાં વૈરાગ્ય આવે તે જ સાચો.ભક્તિ જુવાની માં જ થાય.વૃદ્ધાવસ્થામાં શરીરમાં શક્તિ ન હોય ત્યારે તમે ભક્તિ કરી શકશો નહીં.તપશ્ચર્યા યૌવન માં થાય તે ખરી. શરીર દુર્બળ થયું પછી બ્રહ્મચર્ય પાળે તો કોઈ અર્થ નથી.

### જયપુરમાં લીધા સાત ફેરા, યુઝર્સ તેમને શુભકામના આપી રહ્યા છે

# પ્રિયંકા ચોપરાની કઝિન મીરા ચોપરાએ લગ્ન કર્યા



પ્રિયંકા ચોપડા અને પરિણીતિ ચોપડાની કઝિન મીરા ચોપડા નવા સંબંધોમાં બંધાઈ ગઈ છે. મંગળવારે તેણે બિઝનેસમેન રક્ષિત કેજરીવાલ સાથે જયપુરમાં સાત ફેરા લીધા છે. વેડિંગ સેરેમની ગ્રેડ હતી. મીરાએ લાલ રંગનો લહેંગો પહેર્યો હતો, જેના પર હેવી વર્ક કર્યું છે. દુલ્હનના વેશમાં તે એકદમ સુંદર લાગી રહી હતી. તો વળી રક્ષિતે સફેદ રંગની શેરવાની પહેરી હતી. કપલના ચહેરા પર લગ્નની ખુશીઓ દેખાઈ રહી છે. ફોટોઝ શેર કરતા મીરાએ લખ્યું કે, હંમેશા માટે ખુશીઓ, ઝઘડા, હાસ્ય, આંસૂ અને જીવન ભરની યાદો..હર જનમ તેરે સાથ #MeRa?' શેર કરવામાં આવેલ પ્રથમ ફોટોમાં રક્ષિત,

### અન્યમાં મીરા અને વર બંનેની ખુશી જોવા મળી

મીરાને વરમાળા પહેરાવે છે. એક અન્ય ફોટોમાં મીરા મંડપ તરફ આગળ જઈ રહી છે. એક અન્યમાં મીરા અને વર બંનેની ખુશી જોવા મળે છે. યુઝર્સ તેમને શુભકામના આપી રહ્યા છે. એક યુઝર્સે લખ્યું કે, મીરા તમે લગ્ન કરી લીધા છે. શુભકામનાઓ. તો વળી અન્ય એકે લખ્યું છે કે, તમારી આ નવી જર્ની માટે શુભકામનાઓ. મીરાએ તમિલ, તેલુગૂ અને હિન્દી ભાષાઓની ફિલ્મોમાં કામ કર્યું છે. બોલીવુડમાં તેણે ગેંગ્સ ઓફ ઘોસ્ટ્સ, સેક્શન ૩૭૫, ૧૯૨૦ લંડન અને સફેદ જેવી કેટલીય ફિલ્મોમાં કામ કર્યું છે.

### પહેલી સેલરીમાં મળ્યાં ૫૦ રૂપિયા

# રાખી સાવંત પોલીસ કોન્સ્ટેબલની દીકરી, લગ્નમાં ભોજન પીરસીને બની એક્ટ્રેસ

### શ્યામ રંગને કારણે ઘણા રિજેક્શનનો સામનો કરવો પડ્યો

આજે અમે તમને આજે એક્ટ્રેસ વિશે જણાવવા જઈ રહ્યા છીએ તે બોલિવૂડમાં આઈટમ સોન્ગ કરવા માટે ઘણી ફેમસ છે. તે ઘણા રિયાલિટી શોમાં જોવા મળી છે. આ સાથે, તે તેના અફેર અને લગ્નના કિસ્સા માટે પણ ખૂબ જાણીતી છે. અહીં અમે વાત કરી રહ્યા છીએ રાખી સાવંતની, જેનો જન્મ ૨૫ નવેમ્બર ૧૯૭૮ના રોજ મુંબઈમાં થયો હતો અને તે હવે ૪૫ વર્ષની થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે રાખી બોલિવૂડમાં આઈટમ ગર્લ તરીકે ઘણી ફેમસ છે. રાખીનું સાચું નામ છે નીરુ ભેડા. રાખીના પિતા આનંદ સાવંત મુંબઈના વર્લી પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ હતા. રાખીએ ઘણી વખત



મીડિયા સાથે પોતાના જીવન સંઘર્ષ વિશે વાત કરી છે. તેણે ઘણી વખત દાવો કર્યો છે કે તેનું બાળપણ દુઃખમાં વીત્યું હતું. તેણે ૧૦ વર્ષની ઉંમરે કામ કરવાનું શરૂ કર્યું. તેણે જણાવ્યું હતું કે જ્યારે તે ૧૦ વર્ષની હતી ત્યારે જ તેણે કામ કરવાનું શરૂ કર્યુ હતું. તેણે કહ્યું હતું કે, તેણે મુંબઈમાં એક લગ્નમાં ફૂડ સર્વ કર્યુ હતું જેના માટે તેને ૫૦ રૂપિયા ફી મળી હતી. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો રાખી તેના માતા અને પિતાની ઈચ્છા વિરુદ્ધ જઈને એક્ટ્રેસ બની હતી. તેને બાળપણથી જ એક્ટ્રેસ બનવાનો શોખ હતો. તેથી, કોલેજમાંથી પાસ આઉટ થતાં જ તેણે ફિલ્મો માટે ઓડિશન આપવાનું શરૂ કર્યું. જો કે, તેના શ્યામ રંગ અને ખૂબસૂરત ન હોવાને કારણે, તેને તેના શરૂઆતના દિવસોમાં ઘણા રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો. જણાવી દઈએ કે રાખીની કાયા પલટ ત્યારે થયું જ્યારે તેણે કોસ્મેટિક સર્જરી કરાવીને પોતાના ચહેરા અને શરીરને સુધાર્યા. આ પછી તેણે ૧૯૯૭માં ફિલ્મ 'અગ્નિચક્ર'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. તે 'જોરુ કા ગુલામ', 'યે રાસ્તે હૈં પ્યાર કે', 'ચુરા લિયા હૈ તુમને', 'જીસ દેશ મેં ગંગા રહેતા હૈ' જેવી ફિલ્મોમાં પણ જોવા મળી હતી. જણાવી દઈએ કે 'ચુરા લિયા હૈ તુમને'ના ફેમસ ગીત 'મોહબ્બત હૈ મિર્ચી'એ તેની કિસ્મત પલટી નાખી. તેને આ સોન્ગ ચાર વખત ઓડિશન આપ્યા બાદ મળ્યું હતું. ફિલ્મ ક્રેઝી ૪ માં રાખી સાવંતના સોન્ગ 'ટુક ટુક દેખે પલ-પલ કે દેખે, દેખે આંખે ફડ કે' ૫ ગીતે પણ ખૂબ જ ધૂમ મચાવી હતી.

### ૧૪ લાખ રૂપિયા લઈને શો છોડી દીધો હતો

આ પછી રાખીએ એક પછી એક આઈટમ સોંગ્સ કર્યા અને 'મસ્તી' અને 'મેં હૂં ના' જેવી ફિલ્મોમાં પણ નાના રોલ કરતી જોવા મળી. ફિલ્મોમાં કામ કર્યા બાદ રાખી ૨૦૦૬માં બિગ બોસની પહેલી સિઝનમાં જોવા મળી હતી. તે આ શોના ટોપ ચાર ફાઈનલિસ્ટમાં પહોંચી હતી. પરંતુ તે આ શો જીતી શકી ન હતી. બાદમાં વર્ષ ૨૦૧૫માં રાખી ફરી એકવાર બિગ બોસના ઘરમાં જોવા મળી હતી. આ વખતે તેને ઘણો ફાયદો થયો. આ શોને કારણે તે ઘણી પોપ્યુલર બની હતી.

### સિદ્ધાર્થની ફિલ્મ યોદ્ધાનું આ પોસ્ટર જોયા પછી લોકો ચોંકી ઉઠ્યા હતા




# ચંડીગઢમાં યોદ્ધાના પ્રમોશન દરમિયાન લેટેસ્ટ ફોટોશૂટ

અભિનેત્રી રાશિ ખન્ના આ દિવસોમાં યોદ્ધા મુવીને લઈને સતત ચર્ચામાં છે. રાશિ ખન્નાએ હાલમાં લેટેસ્ટ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં એક્ટ્રેસને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. જલદી અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રાની સાથે એક્શન થ્રિલર ફિલ્મ યોદ્ધામાં જોવા મળશે. રાશિ ખન્નાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ચંડીગઢમાં યોદ્ધાના પ્રમોશન દરમિયાન લેટેસ્ટ ફોટોશૂટની તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં રાશિના ટર્ટલનેકની સાથે સ્લીવલેસ ટોપ અને મેચિંગ સ્કર્ટમાં તમે જોઈ શકો છો. આ તસવીરો હાલમાં ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. અભિનેત્રીનો મેક અપ ન્યૂડ, બ્રાઉન લિપ્સ અને

### પોસ્ટર ખાસ રીતે રિલીઝ કરાયું

સ્મોકી આંખો પર આધારિત છે. પોતાના લુકને કમ્પ્લીટ કરવા માટે એક્ટ્રેસે સોનાની બંગડીઓ સાથે મેંચિંગ ઝુમકા પહેર્યા છે. આ ઝુમખા અને બંગડીઓ એક્ટ્રેસના લુકમાં ચાર ચાંદ લગાવે છે. આ સાથે અભિનેત્રીએ પોતાના વાળને ખુલ્લા રાખીને લુક કમ્પ્લીટ કર્યો છે. ફિલ્મ યોદ્ધાના નિર્દેશન સાગર અમ્બ્રે અને પુષ્કર ઓઝાએ કર્યુ છે. આમાં દિશા પટની અને તનુજ વિરવાની પણ છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોદ્ધા'નું પોસ્ટર ખાસ રીતે રિલીઝ કરવામાં આવ્યુ હતુ. આ પોસ્ટર જોયા પછી લોકો ચોંકી ઉઠ્યા હતા.

### પુલકિત સમ્રાટના ફિલ્મી કરિયરની વાત કરીએ તો તે છેલ્લી વખત ફુકરે ૩માં જોવા મળ્યો હતો

# કૃતિ-પુલકિત કરી ચૂક્યા છે બોલિવુડની એક ફિલ્મમાં કામ


પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાના લગ્નની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે, આ કપલ હરિયાણાના માનેસરમાં શાહી લગ્ન કરશે. પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદાના પ્રી-વેડિંગ ફંક્શન દિલ્હીમાં તેમના ઘરે યોજાનાર છે. કૃતિ ખરબંદાનો જન્મ ૨૯ ઓક્ટોબર ૧૯૯૦ના રોજ દિલ્હીમાં થયો છે. તેના પિતાનું નામ અશ્વિની ખરબંદા અને માતાનું નામ રજની ખરબંદા છે. જ્યારે કૃતિ નાની હતી તો તેનો પરિવાર બેંગ્લુર ચાલ્યો ગયો હતો. શ્રી ભગવાન મહાવીર કોલેજમાં અભ્યાસ પૂર્ણ કર્યો છે. કૃતિ ખરબંદાનો



નાનો ભાઈ સીઈઓ છે. તેનું નામ જયવર્ધન ખરબંદા છે જે પેપર પ્લેન પ્રોડક્શનના સીઈઓ છે અને કૃતિની નાની બહેનનું નામ ઈશિતા ખરબંદા છે. જેમના લગ્ન થઈ ચૂક્યા છે. તે કૃતિથી નાની છે. ખરબંદા બોલિવુડની એ અભિનેત્રીઓમાંથી છે જે બોલિવુડમાં આવતા પહેલા સાઉથ સિનેમામાં સારું નામ કમાઈ ચૂકી છે. તે સાઉથની પોપ્યુલર અભિનેત્રીઓમાંની એક છે. સાઉથની અનેક ફિલ્મમાં અભિનેત્રીએ કામ કર્યું છે. હવે ચાહકો કૃતિ ખરબંદા અને પુલકિત સમ્રાટના લગ્નના ફોટાની રાહ જોઈ રહ્યા છે. કૃતિ ખરબંદાએ અનેક બોલિવુડ ફિલ્મોમાં કામ કર્યું છે. યમલા પગલા દિવાના, હાઉસફુલ ૪, ૧૪ ફેરે, પાગલપંતી જેવી ફિલ્મોમાં જોવા મળી ચૂકી છે. તેમણે રાજકુમાર રાવની સાથે રોમેન્ટિક ડ્રામા ફિલ્મ શાદીમે જરુર આના બાદ ઓળખ મળી હતી. બોલિવુડની જાણીતી અભિનેત્રી કૃતિ ખરબંદાને આજે કોઈ ઓળખની જરુર નથી. કૃતિ ખરબંદા અભિનેતા પુલકિત સમ્રાટ સાથે લાંબા સમયથી રિલેશનશીપમાં હતી. હવે અભિનેત્રી લગ્નના બંધનમાં બંધાશે. અભિનેત્રીએ પોતાના કરિયરની શરુઆત મોડલિંગથી કરી હતી. કૃતિએ જ્વેલરી ડિઝાઈનિંગમાં ડિપ્લોમા કર્યું છે. કોલેજના સમયથી મોડલિંગ કરવાનું શરુ કર્યુ હતુ. કૃતિએ તમિલ, ફિલ્મથી કરિયરની શરુઆત કરી હતી. આ ફિલ્મ કાંઈ ખાસ કમાલ દેખાડી શકી નહિ, ત્યારબાદ કન્નડ ફિલ્મોમાં પણ કામ કર્યું છે. કૃતિ ખરબંદાની લવ લાઈફ વિશે વાત કરીએ તો, કૃતિ છેલ્લા બે વર્ષથી પુલકિત સમ્રાટને ડેટ કરી રહી હતી. બંને 'વીરે કી વેડિંગ', 'તૈસ અને પાગલપંતી' જેવી ફિલ્મોમાં સાથે જોવા મળ્યા છે. જો કે બંને હવે લગ્ન કરવા જઈ રહ્યા છે. કૃતિના પતિની વાત કરીએ તો સમ્રાટના એક વખત લગ્ન થઈ ચૂક્યા છે. તેમણે શ્વેતા રોહિરા સાથે લગ્ન કર્યા હતા. બંન્ને એક વર્ષમાં જ છુટા થઈ ગયા હતા. સમ્રાટના ફિલ્મી કરિયરની વાત કરીએ તો તે છેલ્લી વખત ફુકરે ૩માં જોવા મળ્યો હતો.

# મહેંદી, હલ્દી અને સંગીત, સામે આવ્યું પુલકિત અને કૃતિનું વેડિંગ શેડ્યૂલ

બોલિવૂડ એક્ટ્રેસ કૃતિ ખરબંદા અને અભિનેતા પુલકિત સમ્રાટ બહુ જલ્દી એકબીજા સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. આ કપલ ઘણા વર્ષોથી એકબીજાને ડેટ કરી રહ્યું છે અને હવે લગ્ન કરવા માટે તૈયાર છે. રિપોર્ટ્સ અનુસાર, પુલકિત અને કૃતિ ૧૫ માર્ચે દિલ્હીમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. બંને પંજાબી રીતિ-રિવાજ મુજબ માનેસરની એક હોટલમાં લગ્ન કરશે. જ્યારે પહેલા આ કપલના લગ્નની થીમ અને ગેસ્ટ લિસ્ટ સામે આવ્યું હતું, હવે તેમના લગ્નનું શેડ્યૂલ પણ જાહેર કરવામાં આવ્યું છે. પુલકિત સમ્રાટ



અને કૃતિ ખરબંદાના લગ્નના ફંક્શન ૧૩ માર્ચથી શરૂ થશે અને ૧૫ માર્ચ સુધી ચાલશે. પહેલા કપલનું મહેંદી ફંક્શન થશે. ૧૩ માર્ચે કૃતિ પોતાના હાથ પર પિયાના નામની મહેંદી લગાવશે. મહેંદી પછી પુલકિત અને કૃતિની હલ્દી ફંક્શન ૧૪મી માર્ચે યોજાશે. આ કપલ ૧૪ માર્ચે કોકટેલ પાર્ટીનું પણ આયોજન કરશે. આ પછી ૧૫ માર્ચે પુલકિત અને કૃતિ પંજાબી રીતિ-રિવાજ મુજબ લગ્ન કરશે. તમને જણાવી દઈએ કે પુલકિત સમ્રાટ અને કૃતિ ખરબંદા ખૂબ જ આત્મીય સમારોહમાં લગ્ન કરવા જઈ રહ્યા છે. બંને દિલ્હીના હોવાથી તેઓએ અહીંથી પોતાનું જીવન શરૂ કરવાનું નક્કી કર્યું છે. તેમના લગ્ન માનેસરની ITC ગ્રાન્ડ ભારત હોટેલમાં થશે.



# તાપસી પન્નુએ દીપિકા અને આલિયાના વખાણ કર્યા

અભિનેત્રી તાપસી પન્નુ છેલ્લા એક દાયકામાં ઈન્ડસ્ટ્રીની સૌથી પ્રતિભાશાળી અભિનેત્રીઓમાંની એક તરીકે ઉભરી છે. તેની ફિલ્મો ફેન્સને ખૂબ જ ગમે છે અને ફેન્સ એ જાણવાની રાહ જોઈ રહ્યા છે કે તાપસી પન્નુની આગામી ફિલ્મ કઈ હશે. અભિનેત્રી ખૂબ જ આત્મવિશ્વાસુ છે અને ખૂબ જ સારી ભૂમિકાઓ પણ પસંદ કરે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેત્રીએ તેના વ્યવસાયિક અને વ્યક્તિગત ફ્રન્ટ વિશે વાત કરી છે. આ દરમિયાન તેણે તેની સમકાલીન બોલીવુડ અભિનેત્રી વિશે વાત કરી. તેણે દીપિકા અને આલિયાના વખાણ પણ કર્યા હતા. અભિનેત્રીને વાસ્તવમાં પૂછવામાં આવ્યું હતું કે, તે અન્ય અભિનેત્રીઓની જેમ પાર્ટીઓ અને જાહેર સ્થળોએ આટલી ઓછી હાજરી કેમ આપે છે. આના જવાબમાં તાપસીએ કહ્યું કે, તે એવું નથી વિચારતી કે માત્ર પાર્ટીઓમાં જવું અને લિંક્સ બનાવવાનું કામ કરે છે. તેના કહેવા પ્રમાણે તે પોતાની જાતને સામાજિક બનાવીને નહીં પરંતુ સખત મહેનત કરીને આગળ વધવા માગે છે. આ ક્રમમાં અભિનેત્રીએ અન્ય બોલિવૂડ અભિનેત્રીઓના ઉદાહરણ આપ્યા અને તેમના વખાણ કર્યા હતા. વાત કરતી વખતે અભિનેત્રીએ ઈન્ડસ્ટ્રીની અન્ય અભિનેત્રીઓના ઉદાહરણ પણ આપ્યા હતા. તેણે કહ્યું કે, તમારે પ્રિયંકા ચોપરાની ઉપલબ્ધિઓ જોવી જોઈએ. અનુષ્કા શર્માની કરિયરનું સિલેક્શન પણ જુઓ. આ સિવાય દીપિકા પાદુકોણને જુઓ. શું તેની કારકિર્દીમાં કોઈ વિવાદ નહોતો?

### અમિતાભ બચ્ચન | લેણદારોએ ઘરે આવીને અમિતાભ બચ્ચન સાથે કર્યો દુર્વ્યવહાર

# દેવામાં ડૂબેલી આ કંપની આખરે નાદાર થઈ ગઈ, આ સાથે અમિતાભ પણ નાદાર થઈ ગયા

### આ પછી ધીરુભાઈ અંબાણીએ પણ અમિતાભને મદદની ઓફર કરી હતી

બિગ-બી, શહેનશાહ અને મહાનાયક તરીકે જાણીતા અમિતાભ બચ્ચને તેમના જીવનમાં ઘણી ખ્યાતિ મેળવી છે. તે મોટા પડદાની સાથે સાથે નાના પડદાના પણ બાદશાહ રહ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે અમિતાભ બચ્ચને બિઝનેસમાં હાથ અજમાવ્યો હતો. અમિતાભ બચ્ચને એક કંપની ખોલી હતી. આ કંપનીનું નામ એબીસીએલ હતું. પરંતુ આ કંપનીએ બચ્ચનને ખૂબ જ ખરાબ સમય બતાવ્યો. તેમના પર ઘણું દેવું થઈ ગયું હતું. તે નાદારીની આરે પણ હતા. આ પછી મુકેશ અંબાણીના પિતા ધીરુભાઈ અંબાણીએ પણ અમિતાભને મદદની ઓફર કરી હતી. અમિતાભ બચ્ચનની કંપનીનું નામ અમિતાભ બચ્ચન કોર્પોરેશન લિમિટેડ હતું. આ કંપનીની રચના વર્ષ ૧૯૯૬માં થઈ હતી. આ કંપની સાથે અમિતાભ બચ્ચને પ્રથમ વખત બિઝનેસમાં પ્રવેશ કર્યો. આ કંપની ફિલ્મ પ્રોડક્શન, ડિસ્ટ્રીબ્યૂશન અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતી



હતી. અમિતાભને આ કંપની પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. તેમનું સ્વપ્ન વર્ષ ૨૦૦૦ સુધીમાં આ કંપનીની આવક વધારીને ૧૦૦૦ કરોડ રૂપિયા કરવાનું હતું. અમિતાભ બચ્ચને ૬૦.૫૨ કરોડ રૂપિયા ખર્ચીને છમ્ઝની સ્થાપના કરી હતી. આ કંપનીને લઈને અમિતાભના ઘણા નિર્ણયો ખોટા સાબિત થયા. કંપની પર ભારે દેવું હતું. અમિતાભે જણાવ્યું હતું કે તેમના પર અલગ-અલગ લોકોનું લગભગ ૯૦ કરોડ રૂપિયાનું દેવું છે. દેવામાં ડૂબેલી આ કંપની આખરે નાદાર થઈ ગઈ. આ સાથે અમિતાભ પણ નાદાર થઈ ગયા. અમિતાભની આ કંપનીને ડૂબવામાં ઘણા પ્રોજેક્ટનો હાથ છે. ABCLના બેનર હેઠળ બનેલી ફિલ્મ મૃત્યુદાતા જબરદસ્ત ફ્લોપ રહી હતી. એબીસીએલની બીજી ફિલ્મ 'સાત રંગ કે સપને' પણ ચાલી નહીં. એબીસીએલએ એક એવી ફિલ્મમાં પૈસા રોક્યા જે ક્યારેય રિલીઝ ન થઈ શકે. આ ફિલ્મનું નામ હતું 'નામ ક્યા હૈ. છમ્ઝ એ બેંગલુરુમાં ગાલા મિસ વર્લ્ડ શોનું પણ આયોજન કર્યું હતું. આ શો પણ સફળ રહ્યો ન હતો. આ શોને કારણે કંપની આર્થિક સંકટમાં ફસાઈ ગઈ હતી. અમિતાભ બચ્ચનને તેમના ખરાબ સમયમાં ઘણું સાંભળવું પડ્યું હતું. અમિતાભ બચ્ચન કહ્યું હતું કે 'હું ક્યારેય ભૂલીશ નહીં કે કેવી રીતે લેણદારો અમારા દરવાજા પર આવતા હતા, અમને દુર્વ્યવહાર કરતા હતા અને ધમકીઓ આપતા હતા. આના કરતાં ખરાબ શું હતું જ્યારે તેઓ 'પ્રતીક્ષા' જપ્ત કરવા અમારા ઘરે આવ્યા હતા.

રિલાયન્સ કંપનીની ૪૦મી વર્ષગાંઠ પર અમિતાભ બચ્ચને પોતાના મુશ્કેલ દિવસો વિશે જણાવ્યું હતું. અમિતાભે કહ્યું કે જ્યારે ધીરુભાઈ અંબાણીને મારી નબળી આર્થિક સ્થિતિ વિશે ખબર પડી તો તેમણે અનિલ અંબાણીને મારી પાસે મોકલ્યા. અનિલ અંબાણી અમિતાભના મિત્ર છે. કોઈને પૂછ્યા વગર ધીરુભાઈએ અનિલને કહ્યું કે અમિતાભ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે, તેમને થોડા પૈસા આપો. અમિતાભે કહ્યું, "જો અનિલ આવીને મને મળ્યો હોત. તે મને જેટલી રકમ આપવા માંગતો હતો તેનાથી મારી બધી સમસ્યાઓ દૂર થઈ ગઈ હોત. હું તેની ઉદારતા જોઈને ભાવુક થઈ ગયો હતો.

# કપિલ શર્મા અને સુનીલ ગ્રોવરનો શો શરુ થવાનો છે



કપિલ શર્મા એક એવો કોમેડિયન છે જે લોકોને રડતા રડતા પણ હસાવી દે છે. તેની સાદી અને સિંપલ કોમેડી લોકોને ખુબ પસંદ પણ આવે છે. ચાહકો કપિલ શર્માના કોમેડી શોના દિવાના છે. હવે ફરી એક વખત એક નવો શો લઈને આવી રહ્યા છે. આશોમાં લાંબા સમય બાદ સુનીલ ગ્રોવર પણ જોવા મળશે. સુનીલ અને કપિલને ફરી એક સાથએ જોવા માટે ચાહકો આતુર છે. આ વચ્ચે કપિલ શર્માએ એક વીડિયો શેર કર્યો છે. કપિલ શર્માએ થોડા દિવસ પહેલા સુનીલ ગ્રોવર અને પોતાના નવા શોની જાહેરાત કરી હતી. આ શોમાં સુનીલની સાથે કૃષ્ણા અભિષેક, કીકુ શારદા અને અર્ચના પુરનસિંહ પણ જોવા મળશે. કપિલે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોતાની આખી ટીમની સાથે રિલીઝ ડેટની પણ જાહેરાત કરી છે. કપિલ શર્માએ એક વીડિયો પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં શોની આખી ટીમ એક સાથે જોવા મળી રહી છે. આખી ટીમને નેટફ્લિક્સની ઈવેન્ટમાં ટુડુમને એક સાથે બોલતા જોવા મળી રહ્યા છે, પરંતુ આ બોલવા માટે ટીમ બીજો ટેક લે છે. વીડિયો જોવામાં ખુબ ફની લાગી રહ્યો છે. આ વીડિયોની સાથે કેપ્શનમાં જણાવ્યું કે, આ શો ૩૦ માર્ચના રોજ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. તમને જણાવી દઈએ કે, સુનીલ ગ્રોવર અને કપિલ શર્મા અંદાજે ૭ વર્ષ બાદ એક સાથે જોવા મળશે. આ પહેલા કપિલના શોની લાસ્ટ સિઝનમાં જોવા મળ્યા હતા. તેમણે પોતાનું પાત્ર ગુથ્થી,ડોક્ટર મશહુર ગુલાટીથી ચાહકોને ખુબ હસાવ્યા હતા.

# મહીસાગર વન વિભાગ દ્વારા કાનેલા ખાતે અંદાજિત ૧૫૦ જેટલા લાભાર્થીઓને વાંસ વિતરણ કરવામાં આવ્યું





**। (માહિતી) મહીસાગર, તા.૧૪ ।**

મહીસાગર વન વિભાગ અંતર્ગત આવેલ લુણાવાડા રેન્જ, બાલાસિનોર રેન્જ, ખાનપુર રેન્જ એટલે કે મહીસાગર-૧ સબડિવિઝનનો વાંસ વિતરણ કાર્યક્રમ કાનેલા ખાતે યોજાયો હતો. જેમાં મહીસાગર વનવિભાગ અંતર્ગતણી વિવિધ સહભાગી વન મંડળીના સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમાં અં-દાજિત ૧૫૦ જેટલા લાભાર્થીઓને વાંસના સ્વરૂપમાં લાભ એનાયત કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત તમામ લોકોને વન વિસ્તારમાં દવ ન લગાવવા તેમજ દવના કિસ્સામાં મદદરૂપ થવા અંગે સમજ આપી જાગૃત કરવામાં આવ્યા હતા.આમ મોટી સંખ્યામાં ગ્રામજનોમાં વાંસનું વિતરણ કરવાથી તેઓ વાંસને લગત વિવિધ વસ્તુઓ બનાવી આર્થિક લાભ પણ મેળવી શકશે. આ કાર્યક્રમમાં લુણાવાડા આર એફ ઓ શ્રી વી એન હારેજા, બાલાસિનોર આર એફ ઓ શ્રી પી જે ચૌધરી, ખાનપુર આર એફ ઓ શ્રી ડી વી સોલંકી દ્વારા ઉપસ્થિત લોકોને વાંસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# કાલોલ તાલુકાના દેવરાજ વિદ્યાસેવા સંકુલ ખાતે યુવા અને મહિલા મતદારો માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**। (માહિતી) પંચમહાલ, તા.૧૪ ।**

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં આવેલ દેવરાજ સેવા સંકુલની વિવિધ કોલેજ ખાતે પંચમહાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટ-રશ્રી પંચમહાલના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ અને જિલ્લા શિક્ષણાધિકારી પંચમહાલની હાજરીમાં કોલેજના યુવા વિદ્યાર્થીઓ માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં બહોળી સંખ્યામાં બાળકો અને સ્ટાફ હાજર રહ્યો હતો. આગામી યોજાનાર લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે તમામ યુવા મતદાર મતદાન કરે, મહિલાઓને મતદાન માટે જાગૃતિ આપે અને દેશ માટે સહ પરિવાર મતદાન કરે તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો. સંકુલના તમામ બાળકોને આજના ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા ચૂંટણીકાર્ડ, મતદાર બુથ કેવી રીતે જાણી શકાય તે માટે માહિતીગાર કરવામાં આવ્યા હતા. આગામી ચૂંટણીમાં તેઓ અવશ્ય મતદાન કરે અને દસ મિનિટ દેશ માટે આપે તે અંગે સંસ્થા દ્વારા પણ અપીલ કરવામાં આવી હતી.

# ઝાલોદ પોલીસ દ્વારા સ્વિફ્ટ ગાડીનો પીછો કરી વિદેશી દારૂ સાથે મુદ્દામાલ ઝડપી પાડયો : ચાલક ફરાર

## ૩,૦૦,૦૦૦ ની સ્વિફ્ટ ગાડી અને ૯૬,૦૦૦ નો વિદેશી દારૂ પોલીસે ઝડપી પાડયો

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।**

ઝાલોદ પોલીસ આવનાર હોળીના તહેવાર તેમજ લગ્નસરાની સિઝન ચાલુ થતી હોઈ સતત પેટ્રોલીંગ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો પર વોચ રાખી રહેલ છે. તે અન્વયે જિલ્લા પોલીસ અધિક્ષકની સુચના મુજબ પો.ઈ.એમ.એમ. માળી અને સે. પો.ઈ સી.કે.સીસોદીયા પોતાના પોલીસ સ્ટાફ સાથે ગરાડુ મુકામે પેટ્રોલિંગમા હતા. તે દરમ્યાન એક રાજસ્થાન પાસીંગ સફેદ કલરની સ્વીફ્ટ ડીઝાયર ગાડી જેનો નંબર RJ-03-CA-8512 મા વિદેશી દારૂ અહીંથી નીકળનાર છે તેવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

બાતમી મળેલ હતી.

પોલીસ દ્વારા સતત આવતા જતા વાહન પર વૉચ કરવામા આવી રહેલ હતી. તે દરમ્યાન બાતમી વાળી ગાડી આવતા તેને રોકવાનો પ્રયાસ કરાતાં તે ગાડી પૂરપાટ ઝડપે ઢાઢીયા તરફના રસ્તે ભાગી જવાનો પ્રયાસ કરેલ પોલીસ દ્વારા ગાડીનો પીછો કરી કલજીની સરસવાણી ગામ પાસે ગાડી રસ્તા નીચે ઉતારી ચાલક ગાડી મુકી નાસી ગયેલ હતો. પોલીસ દ્વારા ગાડીની અટકાયત કરી તપાસ કરાતા આ ગાડી માથી દારૂની ચાલીસ પેટી તેમાં અંદાજીત ૧૯૨૦ દારૂની બોટલ જેની કિંમત ૯૬૦૦૦ જેટલી થાય છે અને ગાડીની કિંમત ૩૦૦૦૦૦ થઈ કુલ ૩૯૬૦૦૦ નો વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડવામાં ઝાલોદ પોલીસને સફળતા મળેલ હતી.

# વરોડ ટોલ નાકા લડતમાં હાલ વિરામ : લોકસભા ચુંટણી પછી તેમજ બોર્ડની પરીક્ષા પછી ફરી અધૂરી લડાઈ લડાશે

**। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।**

તારીખ ૦૭-૦૩-૨૦૨૪ ના રોજ વરોડ ટોલ નાકુ નકલી અને બોગસ છે તેમજ આ ટોલ નાકું ખરેખર રાજસ્થાની સીમા પર આવે છે તેને રાજકીય રોટલા સેકતા આગેવાનો દ્વારા અહીં મૂકવામાં આવેલ છે તેવા આક્ષેપો સામાજિક કાર્યકર પ્રવીણ પારગી, આપ પાર્ટીના નેતાઓ, કોંગ્રેસના નેતાઓ તેમજ અન્ય સામાજિક આદીવાસી કાર્યકર્તાઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે લડત કરવામાં આવેલ હતી. વરોડ ટોલ મેનેજર પાસે આ ટોલ સાચો છે તેના કાયદેસર દસ્તાવેજ બતાવવા આગેવાનોએ માંગણી કરેલ હતી. ટોલ મેનેજર દ્વારા લેખિત દસ્તાવેજ બતાવવામાં ન આવતા હડતાળ પર બેસેલા સામાજિક આગેવાનો, આપ અને કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા રોડ રોકી ચક્કાજામ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

કરી ટોલ નાકાનો વિરોધ કરાયો હતો. ટોલ પર ચક્કાજામ થતાં ઝાલોદ નગરના ડી.વાય. એસ.પી પટેલ પોલીસ કાફલા સાથે સ્થળ પર પહોચી રોડ રોકી લડત લડનાર આગેવાનોને સમજાવી રોડ ખુલ્લો કરવા પ્રયત્નો કરેલ પરંતુ ઉપસ્થિત લોકોએ લડત ચાલુ રાખતા પોલીસ દ્વારા છ જેટલા આંદોલન કરતા આગેવાનોને સ્થળ પર થી ડીટેઈન કરી લીમડી પોલીસ મથકે લઈ જઈ ટોલ રોડ ખુલ્લો કરવામાં આવેલ હતો. પોલીસ દ્વારા છ જેટલા આગેવાનો વિરુદ્ધ ગુનો નોંધી જામીન પર તેમને છોડી દેવામાં આવેલ હતા. ટોલ વિરુદ્ધ લડાઈ લડનાર આગેવાનો દ્વારા લોકસભા ચૂંટણી પછી પરીક્ષા ચાલતી હોવાથી આ લડાઈ હાલ સમેટી લેવાયેલ છે. તેમજ આગળની રણનીતિ કાયદા-કીય રીતે ટોલ નાકા દ્વારા જે ડોક્યુમેન્ટ આપવામાં આવશે તેને જોઈ આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે તેવો સૂર આગેવાનોએ રજૂ કરેલ હતો.

# 'આર્ટિકલ ૩૭૦' ફિલ્મ દ્વારા જમ્મુ-કાશ્મીરનું સત્ય સ્વરૂપ જાણવા મળ્યું : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરમાં ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦' નિહાળી



**। (માહિતી) ગાંધીનગર, તા.૧૪ ।**

'આર્ટિકલ ૩૭૦' ફિલ્મમાં જમ્મુ-કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ ને કારણે લોકોને કેટલીય પરેશાની ભોગવવી પડી છે તેનો તાદ્રશ્ય અને વાસ્તવિક ચિતાર પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મંગળવારે રાત્રે ગાંધીનગરના સિટીપલ્સ સિનેમા મગૃહમાં ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦' નિહાળી હતી. ફિલ્મથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. અનુચ્છેદ ૩૭૦ની અસરોને તોડી-મરોડીને દર્શાવવામાં આવી રહી હતી, જે વાસ્તવિકતાથી વિપરીત હતું.

વર્તમાન સરકારે કાયદા અને કાનૂનના આધારે વિધિવત આર્ટીકલ ૩૭૦ સમાપ્ત કરીને જમ્મુ-કાશ્મીરના એવા લોકો કે જે અત્યાર સુધી ભારતીયોને મળતી સુવિધાઓથી વંચિત રહ્યા હતા; તેમને તેમના અધિકારો આપવાનું કામ કર્યું છે. જમ્મુ-કાશ્મીરમાં જે પ્રકારે સુઆયોજિત રીતે આતંકવાદ ફેલાવવામાં આવી રહ્યો હતો એને કાયમ માટે સમાપ્ત કરવાનો પણ એક માર્ગ પ્રસ્તુત થયો છે.

# દાહોદ ખાતે વડાપ્રધાનનો વર્ચુઅલ કાર્યક્રમ મંત્રી બચુભાઈ ખાબડ ની ઉપસ્થિતિમાં યોજાયો



**। (માહિતી) દાહોદ, તા.૧૪ ।**

દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાષ્ટ્રવ્યાપી PM SURAJ-સામાજિક ઉત્થાન રોજગાર આધારિત જનકલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો. સામાજિક ઉત્થાન રોજગાર આધારિત જનકલ્યાણ અંતર્ગત દાહોદમાં પંડિત દિન દયાળ ઓડિટરીયમ ખાતે વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર અને મહાનુભાવોના હસ્તે આરોગ્ય વિભાગ અંતર્ગત કુલ ૩૭ જેટલી ફિમેલ હેલ્થ વર્કર્સને ફિમેલ હેલ્થ સુપરવાઈઝર તરીકેના નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા આ પ્રસંગે ગુજરાત સરકારના કૃષિ અને પંચાયત રાજ્યમંત્રીશ્રી બચુભાઈ ખાબડે જણાવ્યુ હતુ કે, છેવાડાના માનવીના વિકાસની યોજનાઓ અને તમામ વચનો પુરા કર્યા હોય તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારે એમ જણાવીને કહ્યું હતું કે, "આપણે બધા જ લોકો વડાપ્રધાનના પરિવાર છીએ વધુમાં તેમને ઉમેર્યું કે કેન્દ્ર અને રાજય સરકાર હંમેશા છેવાડાના માનવીની પ્રાથમિક જરૂરીયાતો સંતોષાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે પ્રયત્નશીલ રહી છે. આપણી આ વિકાસ યાત્રા માત્ર દેશ પુરતી જ નહિ પરંતુ વિશ્વના દેશોમાં પણ વિકાસની દ્રષ્ટીએ આગળ વધારવાનો સંકલ્પ છે રાષ્ટ્રીય કક્ષાના આ કાર્યક્રમમાં દેશભરના ૫૨૨ જેટલા જિલ્લાઓ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. જેમાં શ્રમિકો, સફાઈ કર્મચારીઓ અને ટેક્ક્લીનર્સને વિવિધ સહાયના લાભ વિતરણ થકી લાભાન્વિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ- સુરજ રાષ્ટ્રીય પોર્ટલનું વર્ચ્યુઅલ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું અને વર્ચ્યુઅલ કાર્યક્રમને ઉપસ્થિત સૌ મહાનુભાવો એ નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું.

# છોટા ઉદેપુર કલેકટર શ્રી ધામેલિયાના અધ્યક્ષપદે આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

## આદિજાતિ સમુદાયના પ્રશ્નોને વાચા આપવા અને મંજૂર થયેલા કામોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા કલેક્ટર શ્રી ધામેલિયાએ અધિકારીઓને સૂચના આપી

**। (માહિતી) છોટાઉદેપુર, તા.૧૪ ।**

છોટાઉદેપુર જિલ્લા સેવાસદનના સભાખંડ ખાતે યોજાયેલી આદિજાતિ વિકાસ મંડળની બેઠકને સંબોધતા કલેક્ટર શ્રી અનિલ ધામેલીયાએ વહિવટી તંત્રના અમલીકરણ અધિકારીઓ દ્વારા આદિજાતિ વિકાસ માટે કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી.



આ પ્રસંગે કલેક્ટર શ્રી ધામેલિયાએ આદિજાતિ સમુદાયના ગુણવત્તાયુક્ત સુવિધામાં વધારો કરવા માટે મંજૂર કરવામાં આવેલા કામોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત વિભાગના અધિકારીને રચનાત્મક સૂચનો આપી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આદિજાતિ સમુદાયના યુવાધનમાં રહેલા કૌશલ્યને ખિલવવા માટે, સ્કીલ ડેવલપમેન્ટ થકી તાલીમ આપવા, યોજનાકીય લાભો, પાયાની અને માળખાકીય સુવિધાઓ, આશ્રમશાળાની દરખાસ્તો, આંગણવાડીમાં બાળકોને પુરુ પાડવામાં આવતા ભોજનની ગુણવત્તા, ક્લાસરૂમ, રસોડું સહિત ભોજન સામગ્રીની ગુણવત્તાને જાળવવા અધિકારીઓને સૂચના આપી હતી. વધુમાં સ્થાનિક બાંધવોના પ્રશ્નોના નિરાક-રણ અંગે પણ કલેક્ટર શ્રીએ સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી.

# ભીખુસિહંજી પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

**। (માહિતી) છોટાઉદેપુર, તા.૧૪ ।**

ગુજરાત રાજયના અન્ન અને નાગરિક પુરવઠા સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને છોટાઉદેપુર જિલ્લના પ્રભારી મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારના અધ્યક્ષપદે છોટાઉદેપુર સેવા સદન ખાતે છોટાઉદેપુર જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગત વર્ષની જિલ્લા આયોજન મંડળની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપ્યા બાદ વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૩-૨૪ના મંજૂર થયેલા વિકાસ કામોની સમીક્ષા કરી



સને ૨૦૨૪-૨૫ના વિવેકાધિન (તાલુકા કક્ષા), પ્રોત્સાહક, નગરપાલિકા અને જિલ્લા કક્ષ-ાની જોગવાઈઓના આયોજન, સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીના કામોની સમીક્ષા સાથે ચર્ચા કરી હતી.સરકાર દ્વારા મળતી ગ્રાન્ટને સમયસર ઉપયોગ કરી નાગરિકોને મદદરૂપ થવા અનુરોધ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પ્રાયોજન વહિવટદારશ્રી, જિલ્લા આયોજન અધિકારીશ્રી સહિત જિલ્લા આયોજન મંડળના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. સંયુક્ત સાહસ તથા ભાગીદારીથી દૂર રહો.

### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વ પૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યુ હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

### મકર (ખ,જ) :

આજના દિવસે તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરૅપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે- આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે.

### મુશીર, શ્રેયસ અને શાર્દુલનું મેચ વિનિંગ પરફોર્મન્સ

# વિદર્ભને ૧૬૯ રને હરાવીને મુંબઈ ૪૨મી વખત રણજી ટ્રોફી ચેમ્પિયન

## મુંબઈએ પ્રથમ ઇનિંગમાં ૨૨૪, બીજીમાં ૪૧૮ રન, વિદર્ભેપ્રથમઇનિંગમાં૧૦૫, બીજીમાં૩૬૮ રનબનાવ્યા



**। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।**

રણજી ટ્રોફીની ચેમ્પિયન ટીમ નક્કી થઈ ગઈ છે અને ફરી એકવાર મુંબઈએ ટ્રોફી પર કબજો કરી લીધો છે. આ વખતે મુંબઈની સામે ફાઈનલમાં મહારાષ્ટ્રની જ વિદર્ભની ટીમ હતી. આ સાથે જ મુંબઈ ૪૨મી વખત રણજી ટ્રોફીમાં ચેમ્પિયન બન્યું છે. મુંબઈની આ જીતમાં ત્રણ પ્લેયરની મહત્ત્વની ભૂમિકા રહી હતી.

મુંબઈની ટીમે ફાઈનલ મેચમાં વિદર્ભને ૧૬૯ રનથી હરાવીને રણજી ટ્રોફી ૨૦૨૩-૨૪નું ટાઈટલ જીતી લીધું છે. અજિંક્ય રહાણેની કેપ્ટનશિપ હેઠળ મુંબઈની ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેના માટે મુશીર ખાન, શ્રેયસ અય્યર અને શાર્દુલ ઠાકુરે મેચ વિનિંગ પરફોર્મન્સ આપ્યું હતું. મુશીરે બીજી ઈનિંગમાં સદી ફટકારી હતી. અય્યરે ૯૫ રનની ઈનિંગ રમી હતી. મુંબઈએ પ્રથમ ઈનિંગમાં ૨૨૪ રન અને બીજી ઈનિંગમાં ૪૧૮ રન બનાવ્યા હતા. વિદર્ભે પ્રથમ ઈનિંગમાં ૧૦૫ રન અને બીજી ઈનિંગમાં ૩૬૮ રન બનાવ્યા હતા.

મુંબઈની શરૂઆત ખરાબ રહી હતી. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કરતા મુંબઈની ટીમ પ્રથમ ઈનિંગમાં ૨૨૪ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. આ દરમિયાન પૃથ્વી શોએ ૪૬ રનની ઈનિંગ રમી હતી. જ્યારે ભૂપેન લાલવાની ૩૭ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આ પછી, કોઈ પણ બેટર લાંબા સમય સુધી મેદાન પર ટકી શક્યો ન હતો. પરંતુ શાર્દુલ ઠાકુરે મુંબઈની ઈજ્જત બચાવી હતી. તેણે ૬૯ બોલમાં ૭૫ રન બનાવ્યા હતા. શાર્દુલે ૮ ચોગ્ગા અને ૩ છગ્ગા પણ ફટકાર્યા હતા. મુંબઈની પ્રથમ ઈનિંગ દરમિયાન વિદર્ભ તરફથી યશ ઠાકુર અને હર્ષ દુબેએ ૩-૩ વિકેટ લીધી હતી. ઉમેશ યાદવે ૨ વિકેટ લીધી હતી.



વિદર્ભની પ્રથમ ઈનિંગ પણ સારી ન હતી. તે માત્ર ૧૦૫ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. વિદર્ભ માટે સૌથી વધુ ૨૭ રન યશ રાઠોડે બનાવ્યા હતા. કરુણ નાયર શૂન્ય પર જયારે અથર્વ તાયડે ૨૩ રન બનાવીને આઉટ થયો હતો. મુંબઈ માટે શમ્સ મુલાની, તનુશ કોટિયન અને ધવલ કુલકર્ણીએ ૩-૩ વિકેટ લીધી હતી.

મુંબઈની ટીમે બીજી ઈનિંગમાં શાનદાર વાપસી કરી હતી. મુંબઈની બીજી ઈનિંગ ૪૧૮ રનના સ્કોર પર સમેટાઈ હતી. આ દરમિયાન મુશીર ખાને સદી ફટકારી હતી. તેણે ૩૨૬ બોલમાં ૧૩૬ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૧૦ ચોગ્ગા પણ ફટકાર્યા હતા. શ્રેયસ અય્યરે ૧૧૧ બોલમાં ૯૫ રન બનાવ્યા. શમ્સ મુલાની ૫૦ રન બનાવીને અણનમ રહ્યો હતો. કેપ્ટન અજિંક્ય રહાણેએ ૭૩ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન વિદર્ભ તરફથી હર્ષ દુબેએ ૫ વિકેટ ઝડપી હતી. જયારે યશ ઠાકુરે ૩ વિકેટ લીધી હતી.

મુંબઈ દ્વારા આપવામાં આવેલા ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી વિદર્ભની ટીમ ૩૬૮ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. વિદર્ભ તરફથી કેપ્ટન અક્ષય વાડકરે સદી ફટકારી હતી. તેણે ૧૯૯ બોલમાં ૧૦૨ રન બનાવ્યા હતા. હર્ષ દુબેએ ૬૫ રનની ઈનિંગ રમી હતી. તનુશે વિદર્ભની બીજી ઈનિંગ દરમિયાન મુંબઈ તરફથી ૪ વિકેટ ઝડપી હતી. તુષાર દેશપાંડેને ૨ વિકેટ મળી હતી. મુશીર ખાને પણ ૨ વિકેટ લીધી હતી. આ રીતે વિદર્ભને ૧૬૯ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.

### ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ જૂનથી શરૂ થશે

# ટી૨૦ વર્લ્ડ કપની ટીમની પસંદગી માટે આઈપીએલ મુખ્ય આધાર નહીં હોય

## ટી૨૦ વર્લ્ડકપ માટે ખેલાડીઓની પસંદગી આંતરરાષ્ટ્રીય અથવા ડોમેસ્ટિક ક્રિકેટમાં તેમના પ્રદર્શનના આધારે કરવામાં આવશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

દરેક ખેલાડી વર્લ્ડકપ રમવાનું સપનું જોતો હોય છે. ભારતના તમામ ખેલાડીઓ પણ ઈચ્છશે કે તેમને વર્લ્ડકપમાં રમવાની તક મળે. ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ આ વર્ષે જૂનથી શરૂ થવા જઈ રહ્યો છે. આ પહેલા ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪નું આયોજન થશે. આવી સ્થિતિમાં મોટાભાગના ખેલાડીઓનું આયોજન હશે કે જો તેઓ આઈપીએલમાં સારું પ્રદર્શન કરશે તો તેઓ સીધા ટી૨૦ વર્લ્ડકપ માટે પસંદ કરવામાં આવશે. પરંતુ માત્ર આઈપીએલ પર નિર્ભર એવા ખેલાડીઓને મોટો ઝટકો લાગવાનો છે.

બીસીસીઆઈના એક સૂત્રના જણાવ્યા અનુસાર ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪માં ખેલાડીઓની પસંદગી માટે આઈપીએલ મુખ્ય આધાર રહેશે નહીં. બીસીસીઆઈના સૂત્રે કહ્યું કે, ''આઈપીએલ ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ તેના આધારે ટી૨૦ વર્લ્ડકપ માટે ખેલાડીઓની પસંદગી કરવામાં આવે એટલું પણ મહત્વ પૂર્ણ નથી. આવી સ્થિતિમાં જો ખેલાડીઓ એવું વિચારતા હોય કે આઈપીએલ ૨૦૨૪માં સારું રમીને તેઓ ભારત માટે ટી૨૦ વર્લ્ડકપ રમશે તો તે ખોટું છે.'' બીસીસીઆઈના સૂત્રે સ્પષ્ટપણે કહ્યું કે, ''ટી૨૦ વર્લ્ડકપ માટે ખેલાડીઓની પસંદગી આઈપીએલમાં નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય અથવા ડોમેસ્ટિક ક્રિકેટમાં તેમના પ્રદર્શનના આધારે કરવામાં આવશે.'' આનાથી કેટલાંક ખેલાડીઓને મોટો ઝટકો લાગ્યો છે. એવા ઘણા ભારતીય ખેલાડીઓ છે જે ડોમેસ્ટિક ક્રિકેટ કરતા આઈપીએલને વધુ મહત્વ આપે છે.

કેટલાંક ખેલાડીઓ એવું વિચારતા હોય છે કે જો તેઓ આઈપીએલમાં સારું રમશે તો તેમને માત્ર ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન જ નહીં મળે પરંતુ આઈપીએલમાં તેમની કિંમત પણ વધી જશે. જેથી તેઓ ડોમેસ્ટિક ક્રિકેટ ન રમવાના બહાના બનાવે છે અને આઈપીએલ માટે તૈયારીઓ કરવા લાગે છે. ઈશાન કિશન છેલ્લા કેટલાક સમયથી આ વિવાદને લઈને ચર્ચામાં છે. ઈશાન વિશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તેણે આઈપીએલ રમવા માટે ડોમેસ્ટિક ક્રિકેટ નથી રમી. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ કારણથી બીસીસીઆઈએ તેનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પણ રદ કર્યો છે. હવે જ્યારે બીસીસીઆઈના સૂત્રે કહ્યું કે આઈપીએલ ટી૨૦ વર્લ્ડ કપ માટે પસંદગીનો મુખ્ય આધાર નહીં હોય. આનાથી ઘણા ખેલાડીઓને મોટો ઝટકો લાગ્યો હશે.

### પેસ બોલરે ૨૦૦૭માં મુંબઈ તરફથી ડેબ્યુ કર્યુ હતું

# મુંબઈની ટીમને ચેમ્પિયન બનાવી ધવલ કુલકર્ણીની ક્રિકેટમાંથી નિવૃત્તી

## ધવલે ફાઈનલમાં છેલ્લી વિકેટ બાદ વિદાય લીધી, તેણે ભારત માટે ૧૨ વન-ડેઅને ૨ ટી૨૦આઈમેચ રમી હતી

**। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।**

ભારતીય ક્રિકેટ ટીમ તરફથી રમી ચૂકેલા ફાસ્ટ બોલર ધવલ કુલકર્ણીના ક્રિકેટિંગ કરિયરનો અંત આવી ગયો છે. રણજી ટ્રોફીની ફાઈનલ મેચ તેના કરિયરની છેલ્લી મેચ હતી. મુંબઈએ વિદર્ભને ૧૬૯ રનથી હરાવીને ૪૨મી વખત રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. ૩૫ વર્ષીય ધવલ કુલકર્ણીએ વર્ષ ૨૦૦૭માં મુંબઈ તરફથી ડેબ્યુ કર્યું હતું. તેણે ફાઈનલમાં છેલ્લી વિકેટ લીધા બાદ મેદાનમાંથી ભાવુક વિદાય લીધી હતી. તેણે ભારત માટે ૧૨ વન-ડેઅને ૨ ટી૨૦આઈમેચ રમી હતી.

વિદર્ભ સામે જીતવા માટે ૫૩૮ રનનો ટાર્ગેટ હતો. મુંબઈ તરફથી ધવલ કુલકર્ણીએ વિદર્ભની છેલ્લીવિકેટ લીધી હતી. તેણે ઉમેશ યાદવને બોલ્ડ કરી મુંબઈને રેકોર્ડ ૪૨મી વખત ચેમ્પિયન બનાવ્યું હતું. ધવલે મેચ બાદ કહ્યું હતું કે, ''મેં વિચાર્યું ન હતું કે મને બોલિંગ મળશે. પરંતુ કેપ્ટન અજિંક્ય રહાણેએ મને મેચ ફિનિશ



કરવા માટે બોલિંગ સોંપી હતી.'' મુંબઈની જીત બાદ ધવલ કુલકર્ણી ભાવુક થઈ ગયો હતો. તેની આંખોમાં આંસુ આવી ગયા હતા. ટીમના તમામ ખેલાડીઓ ધવલ પાસે આવીને તેને ગળે લગાવ્યો હતો. ધવલ કુલકર્ણીએ ફાઈનલ મેચમાં પ્રથમ ઈનિંગમાં ૩ વિકેટ ઝડપી ૧૧ ઓવરમાં માત્ર ૧૫ રન આપ્યા હતા.

### બેટરને BCCIના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી દૂર કરાયો છે

# રણજી ટ્રોફીની ફાઈનલમાં શ્રેયસ ઐયરને પીઠમાં ફરી દુખાવો થયો

## શ્રેયસ પીઠમાં દુઃખાવાથી IPLની કેટલીક મેચ ગુમાવશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

ભારતીય ટીમના મિડલ ઓર્ડર બેટર શ્રેયસ અય્યરને લઈને હાલમાં ઘણી ચર્ચા ચાલી હતી, કારણ કે તેને અને ઈશાન કિશનને બીસીસીઆઈ દ્વારા સેન્ટ્રલ કોન્ટ્રાકટમાંથી દૂર કરવામાં આવ્યા હતા. શ્રેયસ અય્યર વિશે બીસીસીઆઈનું માનવું હતું કે તેણે રણજી ટ્રોફીને મહત્વ આપ્યું નથી અને તે આઈપીએલ ૨૦૨૪ની તૈયારીઓ માટે કોલકાતા નાઈટ રાઈડર્સના કેમ્પ માં પહોંચ્યો હતો. શ્રેયસ અય્યર રણજી ટ્રોફીની ક્વાર્ટર ફાઈનલ મુંબઈ માટે છોડી ગયો હતો કારણ કે તેને પીઠનો દુખાવો હતો. જો કે નેશનલ ક્રિકેટ એકેડમીનું માનવું હતું કે તે સંપૂર્ણ રીતે ફિટ છે, પરંતુ શ્રેયસ અય્યરની પીઠમાં રણજી ટ્રોફીની ફાઈનલમાં ફરી દુખાવો થયો હતો. શ્રેયસ અય્યરે વિદર્ભ સામે રમાઈ રહેલી રણજી ટ્રોફી ફાઈનલમાં ૯૫ રનની ઈનિંગ રમી હતી, પરંતુ



આ ઈનિંગ દરમિયાન તેની પીઠની ઈજા ફરી સામે આવી હતી. ગયા વર્ષે તેણે આ ઈજા માટે સર્જરી કરાવી હતી અને હવે આ ઈજાને કારણે તે આઈ પીએલ ૨૦૨૪ની કેટલીક મેચો ચૂકી શકે છે. કોલકાતા નાઈટ રાઈડર્સ માટે આ એક મોટો ઝટકો છે, કારણ કે તે ટીમનો કેપ્ટન છે. હવે ટુર્નામેન્ટ શરૂ થવામાં થોડા જ દિવસ બાકી છે અને ટીમને ૨૩ માર્ચે તેની પ્રથમ મેચ રમવાની છે. આ પહેલા એક મહત્વપૂર્ણ ખેલાડીની ઈજા માત્ર કેકેઆર માટે મોટો ઝટકો નથી, તે બીસીસીઆઈ અને એનસીએના વલણ પર પણ સવાલો ઉભા કરે છે.

### અંપાયરે રોકાવી મેચ, પાણી પીને ખજૂર ખાઇને ખોલ્યા રોઝા

# બેટ પડતું મુકી ક્રિકેટર્સે મેદાનમાં જ અદા કરી નમાઝ

## અફઘાનિસ્તાન અને આયર્લેન્ડ વચ્ચેની શ્રેણીની ત્રીજી અને છેલ્લી વન-ડે આંતરરાષ્ટ્રીય મેચ શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

ક્રિકેટના મેદાનમાં અધવચ્ચે જ મેચ રોકીને નમાઝ અદા કરવા લાગે તેવું ભાગ્યે જ જોવા મળે છે. પરંતુ આવી જ એક ઘટના પ્રકાશમાં આવી છે જ્યારે લાઈવ ક્રિકેટ મેચને અધવચ્ચે અટકાવવામાં આવે છે, ત્યારબાદ બેટિંગ કરી રહેલા બે બેટ્સમેન ઘૂંટણ પર બેસીને નમાઝ અદા કરે છે અને બાદમાં ઉપવાસ તોડે છે. જ્યારે આ બંને બેટ્સમેનો મેદાન પર બધાની સામે આવું કરે છે તે દરમિયાન ડ્રેસિંગ રૂમમાં પણ તેમની ટીમના તમામ ખેલાડીઓ ઉપવાસ તોડતા જોવા મળે છે. ગ્રાઉન્ડ પર ઈફતાર કરતા ક્રિકેટરોનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઘણો જ વાયરલ થઈ રહ્યો છે. અફઘાનિસ્તાન અને આયર્લેન્ડ વચ્ચેની શ્રેણીની ત્રીજી અને છેલ્લી વન-ડે આંતરરાષ્ટ્રીય મેચ શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. અફઘાનિસ્તાને આ મેચ ૧૧૭ રને જીતીને શ્રેણી ૨-૦થી કબજે કરી હતી. શ્રેણીની બીજી વનડે મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. ત્રીજી વનડેમાં જ્યારે અફઘાનિસ્તાનના બેટ્સમેન હશમતુલ્લાહ શાહિદી અને મોહમ્મદ નબી બેટિંગ કરી રહ્યા હતા ત્યારે મેદાન પર અલગ જ દ્રશ્ય જોવા મળ્યું હતું. જ્યારે અમ્પાયરે લાઈવ મેચને થોડીવાર માટે અટકાવી તો કોઈને સમજ ન પડી કે રમત કેમ બંધ કરવામાં આવી. આ પછી તરત જ બેટિંગ કરી રહેલા શાહિદી અને નબીએ પોતાનું બેટ અને ગ્લોવ્ઝ કાઢીને જમીન પર બેસી ગયા. આ પછી નબીએ પહેલા નમાઝ અદા કરી અને પછી ખજૂર ખાઈને ઉપવાસ તોડ્યો. શાહિદી પણ ઘૂંટણિયે બેસીને ઉપવાસ તોડતો દેખાયો. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, જ્યારે અફઘાનિસ્તાનના બંને બેટ્સમેનો મેદાન પર ઉપવાસ તોડી રહ્યા હતા, તે જ સમયે તેમના સાથી ખેલાડીઓ અફઘાનિસ્તાનના ડ્રેસિંગ રૂમમાં એકસાથે ઉપવાસ તોડતા જોવા મળ્યા હતા. પવિત્ર રમઝાન માસ શરૂ થઈ ગયો છે. આ સમયે મુસ્લિમ સમુદાયના લોકો સવારે ઉઠીને સેહરી ખાય છે. જ્યારે તેઓ કંઈપણ ખાધા-પીધા વગર દિવસભર ઉપવાસ રાખે છે. સાંજે એટલે કે સૂર્યાસ્ત પછી તેઓ ઈફતાર કરે છે એટલે કે તેમની દિનચર્યા તોડે છે. તે સેહરી અને ઈફતાર માટે નિર્ધારિત સમયે કરવામાં આવે છે.

**વિશેષ** — વંચિત વર્ગોના વિકાસ વિના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત થઈ શકે નહી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પીએમ - સુરજ રાષ્ટ્રીય પોર્ટલનું દેશવ્યાપી લોન્ચિંગ : મુખ્યમંત્રી અમદાવાદમાં સહભાગી થયા

**। (માહિતી) અમદાવાદ ।**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પીએમ-સૂરજ રાષ્ટ્રીય પોર્ટલનું દેશવ્યાપી લોન્ચિંગ થયું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દલિત અને વંચિત સમુદાયો માટે લાભકારી નીતિઓનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, વંચિત વર્ગના સન્માન અને વિકાસની ઝુંબેશ આગામી પાંચ વર્ષમાં વધુ ઝડપી બનશે અને વંચિતોના વિકાસથી અમે વિકસિત ભારતનું સપનું સાકાર કરીશું એ મોદીની ગેરંટી છે. છેવાડાના માણસોના ઉત્થાન માટેની યોજનાઓ અને નીતિઓ વંચિતોને ગૌરવ અને ન્યાય પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે તેમ તેમણે ઉમેર્યું હતું. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય વંચિત વર્ગના વિકાસ વિના પ્રાપ્ત થઈ શકે નહીં તેમ વડાપ્રધાનશ્રીએ સ્પષ્ટપણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, ભૂતકાળની માનસિકતા તોડીને ગેસ કનેક્શન, બેંક ખાતા, શૌચાલય વગેરે જેવી સુવિધાઓ દલિતો, પછાત, વંચિતો અને આદિવાસીઓને ઉપલબ્ધ થાય એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાનશ્રીએ વિચરતી અને અર્ધ-વિચરતી જાતિ-સમુદાયો માટેની યોજનાઓ અને સફાઈ કર્મચારીઓ માટે નેશનલ





એક્શન ફોર મિકેનાઈઝ્ડ સેનિટેશન ઈકોસિસ્ટમ (NAMASTE-નમસ્તે) યોજનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ યોજના અંતર્ગત સફાઈ મિત્રોને પીપીઈ કિટ અને આયુષ્માન હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ૫૦૦થી વધુ જિલ્લાઓના ૧ લાખ લાભાર્થીઓના ખાતમાં ડીબીટીથી રૂ. ૭૨૦ કરોડ ટ્રાન્સફર કરાયા હતા.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે આયોજિત આ અંગેના કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, નાનામાં નાના અને છેવાડાનો માણસ સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી શકે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે.

આ યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવાનું કામ વિકસિત ભારત યાત્રાએ કર્યું છે. મોદીની ગેરંટીનો રથ ગામે ગામે પહોંચ્યો છે, અને લાભાર્થીઓને લાભ પહોંચાડ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું.

લોકોની આરોગ્ય સુખાકારી અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગંભીર બીમારીઓની સારવાર માટે ગરીબ પરિવાર વ્યાજના ચુંગાલમાં આવી જતો હતો ,પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્યમાન કાર્ડ થકી વિના મૂલ્યે સારવાર ઉપલબ્ધ કરાવી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં દેશના ૨૫ કરોડ પરિવારોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું કામ મોદીજીની સરકારે કર્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પી.એમ. - સ્વનિધિ યોજના થકી નાના ફેરિયાઓને પોતાનો વ્યવસાય શરૂ કરવા વગર ગેરંટીએ લોન આપવાનું કામ પણ મોદીજીની સરકારે કર્યું છે. મોદીજીએ આવા નાના વ્યવસાયકારોના ગેરન્ટર બની તેમના જીવનમાં પરિવર્તન લાવવાનું કામ કર્યું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં શરૂ કરાવેલી ગુજરાત વાઈબ્રન્ટ સમિટ હવે ગ્લોબલ પ્લેટફોર્મ બની હોવાનું જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૩થી વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત થઈ ત્યારથી દેશ-વિદેશના ઉદ્યોગકારોને રોકાણ માટે ગુજરાત પ્રથમ પસંદગીનું સ્થળ બન્યું છે.

આજે વિશ્વની ૫૦૦ મોટી કંપનીઓ પૈકી ૧૦૦ મોટી કંપનીઓએ ગુજરાતમાં મૂડીરોકાણ કર્યું છે તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. સેમિકંડક્ટર ઈન્ડસ્ટ્રીની વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે દેશના અગાઉના વડાપ્રધાનશ્રીઓએ આ ઈન્ડસ્ટ્રી ભારતમાં આવે તે માટે પ્રયાસ કર્યા હતા પરંતુ તેમાં સફળતા મળી નહોતી. હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પારદર્શક પોલિસીના કારણે આ સ્વપ્ન સાકાર થયું છે. આજે માઈક્રોન અને ટાટા જેવી મોટી કંપનીઓએ પોતાના સેમિકંડક્ટર ઉત્પાદન એકમો સ્થાપવાની શરૂઆત કરી છે. પી.એમ. સુરજ પોર્ટલ અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, નાના વ્યવસાયકારો, ધંધા રોજગાર માટે ઓછા વ્યાજ દરે લોન મળી રહેશે, જેનાથી તેમની આર્થિક સદ્ધરતા સાથે જીવનમાં આમૂલ પરિવર્તન આવશે. તેમણે આ યોજનાઓનો લાભ લઈને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા પણ આહવાન કર્યું હતું.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિ અને અંત્યોદય વર્ગને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો સીધો લાભ મેળવવાનું આ પોર્ટલ માધ્યમ બનશે. રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની રૂપ રેખા તેમણે આ તકે આપી હતી. આ પ્રસંગે સાંસદશ્રીઓ ડૉ. કિરીટ સોલંકી, હસમુખ પ ટેલ, અમદાવાદ શહેરનાં મેયર સુશ્રી પ્રતિભા જૈન, ધારાસભ્ય સર્વેશ્રીઓ અમિતભાઈ શાહ, બાબુભાઈ પટેલ, અમૂલભાઈ ભટ્ટ, ડૉ. પાયલબહેન કુકરાની, દર્શનાબહેન વાઘેલા તથા દિનેશસિંહ કુશવાહા સહિત કમિશનર શ્રી એમ. થેન્નારસન, જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.







સાબરમતી રિવરઈવેન્ટ ગ્રાઉન્ડમાં BJP અને છસ્સ દ્વાર બનાવેલ પ્રોજેક્ટનું લોકાર્પણ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે થયું હતું.

**ન્યૂઝ બ્રિફ**

## ૬૫ DySpની બદલી અને ૮ પ્રોબેશનરી IPSને નિમણૂંક અપાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

લોકસભાની ચૂંટણી પહેલા રાજ્યમાં બદલીનો ધમધમાટ શરૂ થયો છે. પહેલા રાજ્ય સરકાર દ્વારા અધિકારીઓની બદલી કરવામાં આવી ત્યારબાદ આજે રાજ્યનામાં પોલીસ વિભાગમાં ડિવાયએસપી અધિકારીઓની બદલી અને પ્રોબેશનરી આઈપીએસને નિમણૂંકના આદેશ છૂટ્યા છે. પોલીસ વિભાગમાં સરકારે રાજ્યના ૮ પ્રોબેશનરી IPSને નિમણુંક અપાઈ છે. જ્યારે રાજ્યના ૬૫ DySpની બદલીના આદેશ છૂટયા છે. આ સિવાય રાજ્યના પાંચ પ્રોબેશનરી IPSની નિમણુંક બાકી રખાઈ છે. ગૃહ વિભાગ દ્વારા ચૂંટણી પૂર્વ બદલીના આદેશ કર્યા છે. રાજ્યના ગૃહ વિભાગે ગુજરાતના ૬૫ DySP અધિકારીઓની બદલી કરી છે. લોકસભાની ચૂંટણી પહેલાં આ મહત્વની બદલીઓ કરવામાં આવી છે. જિતેન્દ્ર યાદવની સેન્ટ્રલ જેલના નાયબ અધિક્ષક તરીકે બદલી થઈ છે. દીવ્યા રવિયા જાડેજાની અમદાવાદ ACBમાંથી ખેડામાં બદલી થઈ છે.

## પોલીસ ભરતીની તારીખ જાહેર: ૪ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

તારીખ૦૪/૦૪/૨૦૨૪ (બપોરના ૧૫:૦૦ કલાક)થી તા.૩૦/૦૪/૨૦૨૪ (રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ની ભરતી માટે ઓનલાઈન અરજી કરી શકાશે. ગુજરાત પોલીસ દળમાં પો.સ.ઈ. કેડરની બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર તથા લોકરક્ષક કેડરની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) અને જેલ સિપોઈ વર્ગ-૩ સંવર્ગની કુલ: ૧૨૪૭૨ ખાલી જગ્યાઓની સીધી ભરતીથી ભરવા માટે પોલીસ ભરતી બોર્ડ દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવવામાં માટે ફોર્મ ભરવાની તારીખ જાહેર કરાઈ છે. આ તમામ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૪/૦૪/૨૦૨૪ (બપોરના ૧૫:૦૦ કલાક)થી તા.૩૦/૦૪/૨૦૨૪ (રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી) કાળજીપૂર્વક ઓનલાઈન અરજી કરવાની રહેશે.

### ડોક્ટર, એન્જિનિયર, શિક્ષક કે વકીલ થશો પરંતુ મનુષ્ય થવાનું ન ભૂલતા : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

# રાય યુનિવર્સિટીના ૧૦મા દીક્ષાંત સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રોત્સાહક ઉપસ્થિતિ : ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને પદવી એનાયત

### શિસ્ત, વિશ્વાસ, જવાબદારી, ધૈર્ય, ધર્મના પાલન સાથે વિદ્યાર્થી દેશના વિકાસમાં ભાગીદાર થાય : પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા







। અમદાવાદ, તા.૧૪ ।

રાય યુનિવર્સિટીના ૧૦મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી હતી. તેમણે આ અવસરે કહ્યું હતું કે, અત્યાર સુધી શિક્ષકો અને ગુરુજનોએ આપ સૌને શિક્ષિત કર્યા છે, પરંતુ દીક્ષિત કરવાનું કામ આજે કરવામાં આવી રહ્યું છે. આપ સૌ વિવિધ ક્ષેત્રમાં કાર્યરત થશો, તમારામાંથી ઘણા ડોક્ટર, એન્જિનિયર, શિક્ષક, વકીલ થશો. પરંતુ મનુષ્ય થવાનું ન ભૂલતા. મનુષ્ય થઈને આપ નાગરિકોનાં દુ:ખ અને સમસ્યાને પોતાનાં સમજીને તેનું નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરજો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ દીક્ષાંત સમારોહનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, પ્રાચીનકાળમાં આ અવસરે ગુરુજનો વિદ્યાર્થીઓને અંતિમ ઉપદેશ આપતા હતા. સત્ય બોલવું, ધર્મનું આચરણ કરવું અને આજીવન વિદ્યાર્થી બની રહેવાનો ઉપદેશ આપતા. આ ઉપદેશથી વિદ્યાર્થીને સામાજિક જીવનની વાસ્તવિકતાને સ્વીકારવા અને સમસ્યાઓની સામે લડવાની પ્રેરણા આપતા હતા. આજે પણ આપણે આપણી સંસ્કૃતિની વ્યવસ્થાને જાળવી રાખી છે જે આનંદની વાત છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પુરસ્કૃત વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ તેમના પરિવારજનોને શુભેચ્છા પાઠવી હતી. આ અવસરે પૂર્વ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું કે, તમારા જીવનમાં ખરી પરીક્ષા આવતીકાલથી શરૂ થશે. આપે મેળવેલ શૈક્ષણિક જ્ઞાન, ગુરુજનોના તથા માતા પિતાના સંસ્કારો; તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આપ સૌ ખૂબ મહેનત કરો અને આગળ વધો તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનને લગતી અનેક મહત્વપૂર્ણ સલાહ આપી હતી અને વિદ્યાર્થીઓને જીવનમાં મોટા લક્ષ્યો તથા મહત્વની પ્રવૃત્તિઓ સાથે પ્રવેશ કરવા માટે માર્ગદર્શન પણ આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં શિસ્ત, વિશ્વાસ, જવાબદારી, ધૈર્ય અને ધર્મનું પાલન કરતાં કરતાં વિદ્યાર્થી દેશના વિકાસમાં ભાગીદાર થાય તેવી પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન રાય યુનિવર્સિટીના ચેરપર્સન શ્રીમતી સંગીતા રાયે કર્યુ હતું. આ અવસરે ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, કુલપતિ શ્રી અનિલ તોમર, રજિસ્ટ્રાર બીજેન્દ્ર યાદવ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા તેમના માતા-પિતા હાજર રહ્યા હતા.

## વડોદરામાં ભાજપનાં નેતા જ્યોતિ પંડ્યા છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા

। (એજન્સી) વડોદરા, તા.૧૪ ।

વડોદરા લોકસભા બેઠક... આ બેઠક પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણી લડ્યા હતા. ત્યારે હવે આ બેઠક પર ભાજપમાં ભડકો થયો છે. વડોદરા બેઠક પર રંજનબેન ભટ્ટનું પત્તુ કપાશે તેવી ચર્ચા હતી પરંતુ ભારે વિવાદો બાદ પણ ભાજપે રંજન ભટ્ટને ત્રીજીવાર ટિકિટ આપ ીને રિપીટ કર્યા છે. જેને લઈને હવે વડોદરામાં એક નવો વિવાદ શરૂ થયો છે. વડોદરામાં ભાજપ નેતા જ્યોતિબેન પંડ્યા ટિકિટ ન મળતા નારાજ થયા હતા. ત્યારે હવે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે વડોદરાના ડૉ. જ્યોતિબેન પંડ્યાને ભાજપમાંથી છ વર્ષ માટે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. મહત્વનું છે કે, જ્યોતિબેન પંડ્યા ભાજપના વરિષ્ઠ કાર્યકર્તા હતા. જ્યોતિબેન પંડ્યા વડોદરા શહેરના મેયર રહી ચૂક્યા છે.

## અમદાવાદ-એકતા નગર હેરિટેજ સ્પેશિયલ ટ્રેનની ફ્રિક્વન્સીમાં વધારો

। અમદાવાદ, તા.૧૪ ।

૧૬ માર્ચ ૨૦૨૪ થી આ ટ્રેન અઠવાડિયામાં બે દિવસ શનિવાર અને રવિવારે ચાલશે

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર ૦૯૪૦૯/૦૯૪૧૦ અમદાવાદ-એકતા નગર હેરિટેજ સ્પેશિયલ ટ્રેનની ફ્રિક્વન્સીમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૬ માર્ચ ૨૦૨૪ થી આ ટ્રેન અઠવાડિયામાં બે દિવસ શનિવાર અને રવિવારે ચાલશે. આ ટ્રેનનું વર્ણન નીચે મુજબ છે :

ટ્રેન નંબર ૦૯૪૦૯/૦૯૪૧૦ અમદાવાદ-એકતા નગર સ્ટીમ હેરિટેજ દ્વિ અઠવાડિક સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૦૯ અમદાવાદ-એકતા નગર સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન ૧૬ માર્ચ ૨૦૨૪ થી દરેક શનિવાર અને રવિવારે સવારે ૦૬.૧૦ કલાકે અમદાવાદથી પ્રસ્થાન કરીને ૦૯.૫૦ કલાકે એકતા નગર પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૧૦ એકતા નગર-અમદાવાદ સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન દરેક શનિવાર અને રવિવારે ૨૦.૩૫ કલાકે એકતા નગરથી પ્રસ્થાન કરીને આગલા દિવસે ૦૦.૦૫ કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન વડોદરા સ્ટેશન ઉપર રોકાશે.

આ ટ્રેનમાં ચાર એસી વિસ્ટાડોમ પ્રકારના કોચ છે જેમાં ત્રણ એરકન્ડિશન્ડ એક્ઝિક્યુટિવ ચેર કાર કોચ અને એક રેસ્ટોરન્ટ ડાઈનિંગ કાર સામેલ છે.

## યાત્રાધામ પાવાગઢમાં છ દિવસ રોપ વે સેવા બંધ રહેશે

। (એજન્સી) પાવાગઢ, તા.૧૪ ।

યાત્રાધામ પાવાગઢમાં છ દિવસ રોપ વે સેવા બંધ રહેશે. જેને કારણે ભક્તોએ માતાજીના દર્શન માટે ડૂંગર પર પદયાત્રા કરી જવું પડશે. મેન્ટેનન્સના કારણે પાવાગઢ રોપવે સેવા બંધ રાખવાનો નિર્ણય કંપની દ્વારા લેવામાં આવ્યો છે. મેઈન્ટેનન્સ માટે ૧૮ થી ૨૩ માર્ચ સુધી રોપવે બંધ રહેશે. કુલ ૬ દિવસ રોપ વે સેવા બંધ રહેશે. ત્યારબાદ ૨૪ માર્ચથી રોપ વે સુવિધા રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે. પાવાગઢ ડુંગર ઉપર ચાલતા રોપ વે નિયમ અનુસાર વાર્ષિક મેન્ટેનન્સના કામગીરી કરવામાં આવે છે. જેને લઈ મેન્ટેનન્સ કામગીરી દરમિયાન દર્શનાર્થીઓને મંદિર સુધી પહોંચવા માટે પગપાળા જવાનું રહેશે. પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે માતાજીનું શક્તિપીઠ આવેલું છે.

## સરખેજમાં ૧૦થી ૧૫ રાઉન્ડ ફાયરિંગની ઘટના સામે આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં જમીન પર કબજા માટે ફાયરિંગ કરાતા ચકચાર મચી છે. જમીન દલાલ ભરતભાઈ અલગોતરે પોલીસ ફરિયાદ નોધાવતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જમીન મામલે સમાધાન કરવા માટે બેઠક કરવામાં આવી ત્યારે ૫૦થી ૧૦૦ માણસોનું ટોળું હથિયારો સાથે ઘસી આવ્યુ હતું. આ દરમિયાન ધડાધડ ફાયરિંગ કરાતા સમગ્ર વિસ્તારમાં અફરા તફરી મચી ગઈ હતી. પોલીસે આર્મ્સ એક્ટ, હત્યા પ્રયાસ અને રાયોટિંગનો ગુનો નોધી તપાસ શરૂ કરી છે. અમદાવાદમાં બનેલી ઘટનાનો મામલો માનવ અધિકાર પંચ સુધી પહોંચ્યો છે. અમદાવાદના સરખેજમાં ૧૦થી ૧૫ રાઉન્ડ ફાયરિંગની ઘટના સામે આવી છે.

### તાલુકા કચેરી દ્વારા તબદીલ વગરની બોગસ પહોંચ સરપંચે છપાવી પાણી વેરો લેવામાં આવ્યો

# લીલવા ઠાકોર ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ખોટા બિલો પાસ કર્યાની જાગૃત નાગરિકની રજૂઆત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ તાલુકાના લીલવા ઠાકોર ગ્રામ પંચાયતમાં ફળાઉ વાડીઓ અને જમીન સમતલ ના કામો ૫૦ ઉપરાંત કામો મનરેગા યોજનામાં મંજુર કરાવી ગામના સરપંચ વાલાબેન વસંતભાઈ ભાભોર દ્વારા ગામના ખેડૂતોની માલિકીની જમીનમાં બતાવી કામના મંજૂર થયેલ નાણાં બારોબાર ઉપાડી લાખ્ખો રૂપિયા ઉપાડી કૌભાંડ કર્યાનું લીલવા ઠાકોર ગ્રામ પંચાયતના જાગૃત નાગરીક મેહુલ લાલસિંગ ભાભોરે ઝાલોદ તાલુકા વિકાસ અધકારીશ્રી ને લેખિતમાં રજૂઆત કરી છે. લીલવા ઠાકોર ગ્રામ પંચાયતમાં સરકારની મનરેગા યોજના હેઠળ ખેડૂતોના માલિકીના સર્વે નંબર ધરાવતા ૨૯ જેટલી ફળાઉ વાડીઓ અને ૧૭ જેટલા જમીન સમતલના કામો મંજૂર કરાવી એકપણ કામ જગ્યા ઉપર કર્યા વગર જવાબદાર મનરેગા યોજના તંત્ર અને ગ્રામ પંચાયત લીલવા ઠાકોરના સરપંચે એક પણ જગ્યાએ કામ કર્યા વગર આજ સુધી વિવિધ કામોના બિલો મંજૂર કરાવી બરોબર નાણાં ઉપાડી લીધાનું જાણવી રજૂઆત કરી છે.

તેમજ ગ્રામ પંચાયત લીલવા ઠાકોર પાણી વેરા વસુલાતની બોગસ પહોંચ છપાવી સરપંચે પોતે ગામમાં રહેતા નાગરિકો પાસે હજારો રૂપિયા વસૂલી મસમોટી ઉચાપત કરી હોવાની રજૂઆત કરવામાં આવી છે. ખરેખર વેરા વસુલાત પહોંચ તાલુકા પંચાયત કચેરી થી (જુઓ નિયમ - ૫) નમૂના ક્રમાંક ૪ મુજબ તબદીલ કરેલી માન્ય પહોંચ અપાય છે. પરંતુ અહી તો સરપંચે પોતાના હોદ્દાના પાવરથી પોતે ખાનગી પ્રેશમાં બોગસ પ ાવતી છપાવી ગ્રામજનો સાથે છેતરપીંડીથી હજારો રૂપિ યાની ઉચાપત કરી હોવાનું અરજદારે લેખિતમાં ઝાલોદ તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી છે કે મનરેગા યોજનામાં ખોટા કામો કરી ભ્રષ્ટાચાર આચરી કૌભાંડ કરેલ છે. અને ખોટી પાણી વેરાની પાવતીઓ બનાવી સરપંચે સરકારી તિજોરીના નાણાં ઉઘરાવી ઉચાપત કરી ચાઉં કરી ગયાંના આક્ષેપ સાથે કૌભાંડનું જણાવી ઝીણવટ ભરી તપાસ કરવા નું જણાવ્યું છે. આ સમાચાર હાલ જાગૃત નાગરીકની અરજીમા સૂચવેલ મુજબ છે આ મા સાચું શું અને ખોટું શું તે તાલુકા પંચાયત અધિકારી દ્વારા તપાસનો વિષય બનેલ છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨